# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૫ • સળંગ અંક ૬૩ • મુંબઈ • ફેબ્રુઆરી, ૨૦૧૨ • પાના ૧૬ • છૂટક નકલ રૂ. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

# મંડળનો શતાબ્દી વર્ષમાં મંગળ પ્રવેશ

## તંત્રીસ્થાનેથી...

માર્ચ મહિનો શરૂ થાય એટલે ચારે તરફથી પરીક્ષાની વાતો ને પરીક્ષાના વિવિધ વિષયોને લગતી બાબતોની ચર્ચાઓ જોરશોરમાં ચાલુ થઈ જાય. દરેકે દરેક પરિવારના ઘરમાં નાનાં બાળકોથી લઈને મોટાં વિદ્યાર્થીઓ સ્કૂલમાં ભણતાં હોય કે કૉલેજમાં બધાંને માટે એક જ માનસિક તણાવ રહેતો થઈ જાય, તે છે પરીક્ષા. બાળકોને બહાર વધુ ટાઈમ રમવા જવાની મનાઈ છે, તો ઘરમાં ટીવી જોવાની સખત મનાઈ છે. કેબલની ચેનલો બંધ થઈ જાય છે. મહેમાનોને પણ ઘરમાં આવવાની પ્રેમપૂર્વક પરીક્ષાના બહાના હેઠળ ના પાડવામાં આવે છે. વૃદ્ધ દાદા-દાદીને પણ આદેશ આપવામાં આવે છે કે બાળકોને શાંતિથી ભણવા દેજો. તેમની સાથે કોઈ વાતો કરવા બેસીને તેમનો સમય ન બગાડતા. અને ન તો તમારા કોઈ કામ એમને સોંપતાં. આખું વર્ષ બાળકોના અભ્યાસમાં ધ્યાન નહીં આપનાર માતા-પિતા પણ હવે બરાબર જાગૃત બનીને આ છેલ્લાં બે મહિનામાં જ પોતાનાં બાળકોને તેજસ્વી તારલા બનાવવા માટે તેમની પાછળ મહેનત કરે છે. આમ પરીક્ષા હવે માત્ર વિદ્યાર્થીઓ જ નથી આપતા પરંતુ જાણે તેમનાં માતા-પિતા આપતા હોય એવું વાતાવરણ સર્જાય છે. વર્ષોના વર્ષોથી આપણાં દેશમાં વારંવાર બદલાતી શિક્ષણ પદ્ધતિના કારણે અને ઉચ્ચ ટકાવારીના માપદંડના કારણે પરીક્ષાના સમયગાળામાં વિદ્યાર્થીઓ + શિક્ષકો + માબાપો વચ્ચે માનસિક તણાવ વધતો જાય છે. પરીક્ષાના વિષયોને આવરી લેતી, એ સમયે વિદ્યાર્થીઓની સર્જાતી પરિસ્થિતિ, શિક્ષકો પર વધી જતો બોજો તેમ જ માબાપોને રહેતી સતત ચિંતાને ધ્યાનમાં લેવા જેવી 'તારે ઝમીં પર', 'થ્રી ઈડિયટસ', 'આરક્ષણ' જેવી ફિલ્મો આવી તેમાં અનેક પ્રકારના વાસ્તવિક પ્રશ્નો રજૂ થયા. તેના ઉકેલ બતાવવાના સંદેશાઓ મળ્યા. તેમ છતાં પણ પરીક્ષા અને તેનાં પરિણામનું શું ? તે પ્રશ્ન તો જેમનો તેમ હતો ત્યાં નો ત્યાં જ રહ્યો.

પોતાના લાડલા સંતાનોએ સવારના કેટલા વાગે ઊઠીને વાંચન કરવું ? શું ખાવું ? ને રાત્રે કેટલા વાગે સૂઈ જવું ? વિગેરે વિગેરે સ્વાસ્થ્યની પણ ચિંતા કરતાં ટાઈમટેબલ પણ મમ્મીઓ નક્કી કરી આપે છે. એમાં પણ જો વિદ્યાર્થીઓની બૉર્ડની એક્ઝામ હોય તેમના ઘરમાં તો માતા-પિતા અને બીજાં સભ્યોને માથે આભ તૂટી પડે છે. મનમાં સતત એવી જ આશા રખાતી હોય છે કે મારો લાડકો આ વર્ષે બૉર્ડની પરીક્ષામાં ૯૦ ટકા થી વધારે માર્ક્સ તો લાવશે જ. પછી કોઈ ચિંતા જ નહીં. માતા-પિતાની આવી હાલત જોઈને ઘરમાં સંતાનો પણ ચિંતામાં પડી જાય છે જે તેમના મનોમસ્તિષ્ક પર અસર કરે છે.

પરંતુ આવું કેમ બને છે તેનો પણ કોઈ વાર વિચાર કર્યો છે ખરો ? પરીક્ષા નજીક આવે ત્યારે જ કેમ આવા ઊંચા મનવાળા થઈ જવાય છે ? વેલ ! હવે પરીક્ષા તો આવી ગઈ છે. વિદ્યાર્થીઓએ આખા વર્ષમાં જે રીતે મહેનત કરી હશે, જે રીતે તૈયારી કરી હશે તે રીતે જ પરીક્ષા આપશે. માટે ઘરમાં પણ શાંત અને સ્વસ્થ વાતાવરણ ઊભું કરવાની જવાબદારી માતા-પિતાની છે. પરીક્ષા આપ્યા વગર જ પરિણામની નકારાત્મક ભૂમિકા વિચારવાનું બિલકુલ યોગ્ય નથી.

દરેક વિદ્યાર્થીને જીવનમાં વિકાસ સાધીને મોટા બનવાનું એક સ્વપ્ન હોય છે. ઉચ્ચ કારકીર્દિના શિખરે પહોંચવાનું ખ્વાબ જ તેનું લક્ષ બને છે. આ લક્ષ સાધવાની શક્તિ પણ સર્જનહારે તેને આપેલી છે. માત્ર તે શક્તિઓ પીછાણીને જો યોગ્ય પરિશ્રમ કરે તો સફળતા મળે જ છે. **જરૂર છે એકાગ્રતાની.** આ સિવાય પણ વિદ્યાર્થીઓ કે તેમના માતા-પિતાએ એક વાત ખાસ ધ્યાનમાં જ નહિ પણ હૃદય સુધી પહોંચાડી રાખવાની જરૂર છે. ક્યારેય પણ ન માની લેવું કે બૉર્ડની પરીક્ષામાં ઓછા ટકા આવે એટલે વિદ્યાર્થીની કારકીર્દિ પર પૂર્ણવિરામ મૂકાઈ જાય છે. **પરીક્ષામાં ૪૦ ટકા હિસ્સો વિદ્યાર્થીઓની મહેનતનો હોય છે, જ્યારે ૬૦ ટકા હિસ્સો તેમના અભ્યાસ અને પરીક્ષા પ્રત્યેના માનસિક વલણનો હોય છે.** કોઈ પણ પરીક્ષા

આખરી અને અંતીમ નથી હોતી. તેથી માતા-પિતાએ પણ નિશ્ચિત મને સંતાનોને સાથ આપવો જોઈએ.

**જિંદગી પરીક્ષાઓ કરતાં બહુ મોટી છે. એમાંથી પસાર થવા માટે પણ બીજી ઘણી ઘણી પરીક્ષાઓ આપવી પડે છે. જેના માટે કોઈ સ્કૂલ, કૉલેજ કે ટ્યૂશન ક્લાસ હોતા નથી અને એ માટેનું કોઈ શિક્ષણ પુસ્તકોમાંથી પણ નથી મળતું. જરૂર પડે છે માત્ર આત્મવિશ્વાસ, હિંમત અને પુરુષાર્થની. આ સનાતન સત્ય સંતાનો તેમ જ તેમના માતા-પિતાએ સમજી લેવાનું છે.**

**ત્રણસો દિવસની મહેનત અને માત્ર ત્રણ કલાકમાં જ પરીક્ષા આપવાની હોય તો સ્વાભાવિક રીતે જ વિદ્યાર્થીઓને આંતરિક ભય સતાવતો હોય છે. પણ ના, આ ભયને સૌ પ્રથમ દૂર કરી નાખો. તમે મેળવેલું જ્ઞાન, બુદ્ધિશક્તિ અને આવડતને પૂરવાર કરવાનો આ અવસર પ્રસન્નચિત્તે, હળવા ફૂલ બનીને માણો. પરીક્ષામાં તમારા લખવાની નહીં, પણ વાંચવાની, યાદ રાખવાની, કાબેલિયતની જ પરીક્ષા થતી હોય છે. માટે જરાપણ ગભરાયા વગર વ્યવસ્થિત આયોજન કરશો તો સફળતા તમારી પાસે જ રહેશે.**

**`Wish You All The Best.'**

☐ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

☐ **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાલા)

**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

## મેળવવા અને છોડવા

- *મેળવવા નવું પડે,*
  *સૌને ગમે તે કરવું પડે.*
- *ધીમે ધીમે મેળવાય,*
  *એક ઝાટકે છોડાય.*
- *મેળવવા સૌના સાથની જરૂર,*
  *છોડવા માટે તો એકલવીર જ થવાય.*
- *મેળવવા મહેનત કરવી પડે,*
  *છોડવા હિંમત કરવી પડે.*

# શ્રી પાટણ જૈન મંડળ

## સને ૨૦૧૨-૧૩થી થી સને ૨૦૧૪-૧૫ની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીના ઉમેદવારોની યાદી

| ક્રમ | નામ | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|
| ૦૧ | શ્રી અમીત હેમેન્દ્ર શાહ–સી.એ. | મરીન ડ્રાઈવ | મારફતીયા મહેતાનો પાડો |
| ૦૨ | શ્રી અમીષ દેવેન્દ્ર પટણી. | મરીન ડ્રાઈવ | લીમડીનો પાડો |
| ૦૩ | શ્રી ઉર્મિલ રાજેન્દ્ર શાહ | મરીન ડ્રાઈવ | ભાભાનો પાડો |
| ૦૪ | શ્રી કમલેશ ચંપકલાલ શાહ (**ડાયરેક્ટર**) | મરીન ડ્રાઈવ | મણીયાતી પાડા |
| ૦૫ | શ્રી કિંજલ હર્ષદ શાહ | કાલબાદેવી | ખેજડાનો પાડો |
| ૦૬ | શ્રી કિરીટ સેવંતીલાલ શાહ | મરીન ડ્રાઈવ | ડંક મહેતાનો પાડો |
| ૦૭ | શ્રી કુમારપાળ વિનોદચંદ્ર શાહ | મરીન ડ્રાઈવ | કનાસાનો પાડા |
| ૦૮ | શ્રીમતી જીમ્મી તરંગ શાહ | ગોરેગામ | કુંભારીયા પાડો |
| ૦૯ | શ્રી તુષાર જીતેન્દ્ર (નાનુભાઈ) શાહ | મરીન ડ્રાઈવ | ખજુરીનો પાડો |
| ૧૦ | શ્રી દીપકભાઈ પ્રેમચંદ શાહ | ચોપાટી | ઢંઢેરવાડો |
| ૧૧ | શાહ નરેન્દ્ર બાબુલાલ (**મામા**) | મરીન ડ્રાઈવ | તંબોળીવાડો–ઘીવટો |
| ૧૨ | શ્રી નિખીલભાઈ પ્રેમચંદ શાહ | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો |
| ૧૩ | શ્રી નિતીનભાઈ રમણલાલ પટણી | લુહારચાલ | મનમોહનજીની શેરી-ફોફલીયા વાડો |
| ૧૪ | શ્રી નીમેશ જીવણલાલ શાહ | તારદેવ | ઝવેરીવાડો |
| ૧૫ | શ્રી નિલય દાનેશભાઈ શાહ | વિલેપાર્લે | પડી ગુંદીનો પાડો |
| ૧૬ | શ્રી નિલેશ કાંતિલાલ શાહ | ભાયંદર | ખટાખોટડીનો પાડો |
| ૧૭ | શ્રીમતી નિશા દીપેશ શાહ | ગોવાલીયા ટેન્ક | ખેતરવસી |
| ૧૮ | શ્રી પરેશ અમૃતલાલ શાહ | વિલેપાર્લે | મારફતીયા મહેતાનો પાડો |
| ૧૯ | શ્રી પલ્લવ મહેન્દ્રભાઈ શાહ | મરીન ડ્રાઈવ | ચોધરીની શેરી-ફોફલીયા વાડો |
| ૨૦ | શ્રી પુનિત સૂર્યકાંત શાહ | મરીન ડ્રાઈવ | વખતજીની શેરી |
| ૨૧ | શ્રી પૂર્વેશ ભદ્રેન્દ્ર મણિયાર | મરીન ડ્રાઈવ | ચોધરીની શેરી-ફોફલીયા વાડો |
| ૨૨ | શ્રી પ્રદીપ જશવંતલાલ શાહ | ગોરેગામ | મારફતીયા મહેતાનો પાડો |
| ૨૩ | શ્રી પ્રમોદકુમાર માણેકલાલ શાહ | મરીન ડ્રાઈવ | મનમોહનજીની શેરી-ફોફલીયા વાડો |
| ૨૪ | શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ (**પી.એન.**) | કાંદીવલી | મલ્લાતનો પાડો–રાજકાવાડો |
| ૨૫ | શ્રી બકુલેશ હિંમતલાલ શાહ | ફ્રેન્ચબ્રીજ | મારફતીયા મહેતાનો પાડો |
| ૨૬ | શ્રી બીજલ મહેન્દ્ર શાહ | મરીન ડ્રાઈવ | મારફતીયા મહેતાનો પાડો |
| ૨૭ | શ્રી ભરત સારાઈ શાહ | ચોપાટી | તંબોલીવાડો |
| ૨૮ | શ્રીમતી ભારતી ભગુભાઈ શાહ | વિલેપાર્લે | કનાસાનો પાડો |
| ૨૯ | શાહ મહેન્દ્રકુમાર કાંતિલાલ (**મશરૂવાલા**) | વસઈ | કુંભારીયા પાડો |
| ૩૦ | શ્રી મહેન્દ્ર નેમચંદ શાહ (**ગુંદરવાલા**) | નેપીયન્સી રોડ | વાસુપૂજ્યની શેરી-ફોફલીયા વાડો |
| ૩૧ | શ્રી મુકેશ લલીતકુમાર શાહ (**એમ.એલ.**) | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો |
| ૩૨ | શ્રીમતી મોના વિમલેશ શાહ | અંધેરી | વખતજીની શેરી–ફોફલીયા વાડો |
| ૩૩ | શ્રી રાજીવ કેશરીચંદ શાહ | મરીન ડ્રાઈવ | બ્રાહ્મણવાડો–સિદ્ધચક્રની પોળ |
| ૩૪ | શ્રી રાજેશ ચીમનલાલ શાહ(**સી.એ.**) | ઝવેરીબજાર | મહાલક્ષ્મી માતાનો પાડો |
| ૩૫. | શ્રી રાજેશ પ્રેમચંદ શાહ | મરીન ડ્રાઈવ | મારફતીયા મહેતાનો પાડો |
| ૩૬. | શ્રીમતી વર્ષા જયરાજ શાહ | મરીન ડ્રાઈવ | પોળની શેરી-ફોફલીયા વાડો |
| ૩૭. | શ્રી વિક્રમ સારાભાઈ શાહ | ગોરેગામ | તંબોળીવાડો–ઘીવટો |
| ૩૮. | શ્રી વિક્રમ હરગોવિંદદાસ શાહ | સાંતાક્રુઝ | વસાવાડો |
| ૩૯. | શ્રી વિનીત નવીનચંદ્ર શાહ | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો |
| ૪૦. | શ્રી સંજય કીર્તિલાલ શાહ | ગોરેગામ | કોકાનો પાડો |
| ૪૧. | શ્રી સંજય વિનોદચંદ્ર ચુડઘર | વિલેપાર્લે | ચોધરીની શેરી-ફોફલીયા વાડો |
| ૪૨. | શ્રીમતી સેજલ સંજય શાહ | મરીન ડ્રાઈવ | વખતજીની શેરી–ફોફલીયા વાડો |
| ૪૩. | કુ. સ્વાતી લલીતચંદ્ર કાપડીયા | મરીન ડ્રાઈવ | ડંક મહેતાનો પાડો |
| ૪૪. | શ્રીમતી હીના ચેતન શાહ | મરીન ડ્રાઈવ | ડંક મહેતાનો પાડો |
| ૪૫. | શ્રી હેતલ નીતીનકુમાર શાહ | મરીન ડ્રાઈવ | ઢંઢેરવાડો |

# શ્રી પાટણ જૈન મંડળ

## વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચૂંટણી

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિની આગામી ત્રણ વર્ષ સને ૨૦૧૨-૧૩, સને ૨૦૧૩-૧૪ તથા સને ૨૦૧૪-૧૫માટેની ૨૫ (પચીસ) સભાસદોની ચૂંટણી માટેની મતદાન વ્યવસ્થા, સમય, સ્થળ અને દિવસ નીચે જણાવ્યા મુજબ રાખવામાં આવ્યા છે.

મંડળના દફતરે નોંધાયેલા સરનામા પ્રમાણે નીચે મુજબના નક્કી કરેલા મતદાન કેન્દ્રો પર માન્ય મતદાર સભાસદોએ રૂબરૂમાં આવીને મતદાન કરવાનું રહેશે.

સૌ મતદાર સભાસદો પોતાનું મતદાન થાય તે માટે સજાગ રહીને મતદાન કરવાનું અચૂક રાખશો અને અન્ય મતદારોને અચૂક મતદાન કરવા સૂચવીને સંસ્થાના અને સમાજના કાર્યોમાં મહત્ત્વનું યોગદાન આપશો, એવી અપેક્ષા રાખવામાં આવે છે.

- **મતાધિકાર ધરાવતા કુલ માન્ય સભાસદ સંખ્યા –૪૨૯૦**
- **મતદાન દિવસ : રવિવાર, તા. ૪-૩-૨૦૧૨**
- સમય : સવારના ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ કલાકે
- **મતદાન કેન્દ્રો:**

**૧. મરીનડ્રાઈવ મતદાન કેન્દ્ર :** પાટણ જૈન મંડળ સભાગૃહ ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

**૨. ચોપાટી મતદાન કેન્દ્ર :** શ્રી વ્રજમંડલ, મરચન્ટ ક્લબની સામે, આરામ હોટલની પાછળ, રાંગણેકર માર્ગ, ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭.

**૩. તારદેવ મતદાન કેન્દ્ર :** માતૃમંદિર કો-ઓપ. હા. સોસાયટી હૉલ, ભાટીયા હૉસ્પિટલની સામે, તારદેવ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

**૪. વિલેપાર્લે મતદાન કેન્દ્ર :** શ્રી બ્રહ્મ મહેશ્વર ભવન, સ્વામી મહેશ્વરાનંદ ચોક, સંન્યાસાશ્રમ રોડ, વિલેપાર્લે–વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૫૬.

**૫. ગોરેગામ મતદાન કેન્દ્ર :** શ્રી પાટણ જૈન મંડળ શાખા કાર્યાલય, ગ્રાઉન્ડ ફ્લોર, રૂપમ બિલ્ડિંગ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૬૨.

**૬. કાંદિવલી મતદાન કેન્દ્ર :** શ્રી કાંદિવલી હિતવર્ધક મંડળ, શાંતિલાલ મોદી રોડ, બાલભારતી સ્કૂલ સામે, કાંદિવલી-વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૬૭.

**૭. બોરીવલી (રતનનગર)મતદાન કેન્દ્ર :** શ્રી પાટણ જૈન મંડળ હૉલ, એ-૨૩, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી-પૂર્વ, મુંબઈ-૪૦૦ ૦૬૮.

૮. **પોસ્ટ દ્વારા :** મુંબઈના સાત મતદાન કેન્દ્રો સિવાયના સભાસદોને મતપત્રકો પોસ્ટ દ્વારા મોકલવામાં આવેલ છે. **સદરહુ મતપત્રકો રવિવાર તા. ૪-૩-૨૦૧૨ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધીમાં મંડળની મુખ્ય ઑફિસમાં મળે તે મુજબ મોકલાવી આપવાના રહેશે.**

મતાધિકાર ધરાવતા માન્ય સભાસદોને, ચૂંટણી તથા ઉમેદવારોની જરૂરી વિગતો પોસ્ટ દ્વારા મોકલવામાં આવેલ છે.

ચૂંટણી ની મતદાન વ્યવસ્થા મુજબ રૂબરૂ મતદાન કરવા સમયે સભાસદોને મોકલાવેલ **ઓળખકાર્ડ સાથે રાખવું જરૂરી છે.**

**☐શ્રી પાટણ જૈન મંડળ**

## Lincoln's Letter To His Son's Headmaster

Respected Teacher,

My son will have to learn I know, that all men are not just, all men are not true. But teach him also that for every scoundrel there is a hero; that for every selfish politician, there is a dedicated leader. Teach him that for vevery enemy there is a friend,

It will take time. I know; but teach him, if you can, that a dollar earned is of far more value than five found.

Teach him to learn to lose and also to enjoy winning.

Steer him away from envy, if you can.

Teach him a secret of quiet laughter. Let him learn early that the bullies are easiest to lick.

Teach him, if you can, the wonder of books...but also give him quiet time to ponder over the eternal mystery of birds in the sky, bees in the sun, and flowers on a green hill-side.

In school teah him it is far more honourable to fail than to cheat.

Teach him to have faith in his own ideas, even if everyone tells hpm they are wrong.

Teach him to be gentle with gentle people and tough with the tough.

Try to give my son the strength not to follow the crowd when everyone is getting on the bandwagon.

Teach him to listen to all men but teach him also to filter all the hears on a screen of truth and take only the good that comes through.

Teach him if you can, how to laugh when he is sad. Teach him there is no shame in tears. Teach him to scoff at cynics and to beware of too much sweetness.

Reach him to close his ears to a howling mob...and to stand and fight if he thinks he's right.

Treat him gently; but do not cuddle him beause only the test of fire makes fine steel.

Let him have the courage to be impatient, let him have the patience to be brave, Teach him always to have sublime faith in himself beause then he will always have sublime faith in mankind.

This is a big order; but see what you can do...He is such a fine little boy, my son.

**☐ Abraham Lincoln**

**પરમાર્થી કરતાં સ્વાર્થીની સંખ્યા વિશેષ હોય.**

# પાટણ જૈન સમાજના પરિવારો તરફથી એક આશા અને અપેક્ષા

**સમાજના બંધુઓ/ભગિનીઓ**

છેલ્લાં ઘણાં સમયથી આપણાં સમાજનું વાતાવરણ કંઈક પ્રકારે બદલાઈ રહ્યું છે. જેનાં કારણે સમાજના પરિવારો વચ્ચે આંતરિક સંઘર્ષ કે મનદુઃખ ભારે થઈ ગયું છે. આવી સમાજની પ્રગતિ સ્થગિત થઈ ગઈ છે. જેનું દુઃખ, વ્યથા કદાચ સૌનાં હૈયામાં હશે જ.

સમાજ એટલે શું ? જે સમાજમાં સહુને પ્રેમ, લાગણી ગૌરવની અનુભૂતી થાય અને જ્યાંથી સુખાનંદ મળી રહે તેનું નામ છે સમાજ. આ સમાજ અને તેનો પરિવાર માત્ર પૈસાના હિસાબ પર નભતી સંસ્થા નથી, પરંતુ પ્રેમ, સમર્પણ, ત્યાગ, સમતા અને જ્ઞાન, દર્શન ચારિત્ર સાથે સહુને સહકાર આપતી ''વસુધૈવ કુટુંબમ્''ની ભાવનાને કેન્દ્રમાં રાખતી સંસ્થા છે. જેમાં સમાજના અનેક ખાનદાન, પ્રતિષ્ઠિત, શિક્ષિત, સાધન-સંપન્ન લોકો નિઃસ્વાર્થ ભાવે તન-મન-ધનથી કામ કરે છે ત્યારે તેઓનું આદર અને ગૌરવ જળવાઈ રહે તેનો વિનમ્ર ભાવે સ્વીકાર કરવો એ સમાજના દરેકે દરેક પરિવારના સભ્યોનું કર્તવ્ય છે.

પાટણ સમાજ દરેકે દરેક પટણી પરિવારોના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અપાયેલા યોગદાનથી ખૂબ જ ઊંચાઈ પર પહોંચ્યો હતો તેના પ્રત્યે સૌને માન હતું, પરંતુ સમાજના ગણ્યાગાંઠ્યા દિશાહીન અને દૃષ્ટિવિહિન બનીને સમાજના જન્મદિનને નુકસાન પહોંચાડી રહ્યા છે. સમાજનો વિકાસ શતાબ્દીના આરે વધુ પ્રગતિમય બનવાને બદલે રૂંધાઈ રહ્યો છે.

સમાજ પ્રત્યે આપણી પણ કંઈક જવાબદારી છે જે માદરે વતન પાટણના આપણે સૌ વતનીઓ છે. આપણી માતૃભૂમી પ્રત્યે લાગણી છે. સર્વજ્ઞ કલિકાલ હેમચંદ્રઆર્યના વારસદારો છીએ. પાટણની સંસ્થાનો વારસો પણ આપણાં સૌનો છે. આપણે પ્રભુ મહાવીરના સંતાનો છીએ. જૈન ધર્મના સિદ્ધાંતોને માનનારાં આપણે સૌએ વર્તમાન પરિસ્થિતિમાં પોતાની વ્યક્તિગત આળસ, ડર, સ્વાર્થ છોડી આગળ આવવાની જરૂર છે. આપણે પોતે તો સુખી થઈએ જ. સાથે અન્ય અનેક સુધી સુખ, શાંતી અને સમૃદ્ધિને પહોંચાડીએ. તમારી પાસે જે પ્રકારની શક્તિ હોય તેને સમાજના પરિવારોની સુખાકારી માટે સમર્પિત કરો. માત્ર પોતાના ભોગે કે માત્ર પોતના પરિવારને જ ધ્યાનમાં રાખીને કંઈ કરવાની આ વાત નથી. વિવેક અને વિનય જ્યારે સીમારેખા વટાવે છે ત્યારે માણસ માત્ર પોતાનું જ નહીં, પણ આખા સમાજનું માનસિક પતન નોતરે છે.

સમાજના દરેકે દરેક પરિવારોએ ખાસ આ તબક્કે સમજી લેવાની જરૂર છે કે સભ્યો સંસ્થામાં કામ કરે છે તેમને પણ આપણે સૌ પસંદ કરીને જ મોકલીએ છીએ તેમને તેમની મર્યાદામાં રહીને જ કામ કરવાનું હોય છે. આજે આપણે એક એવી જગ્યાએ આવીને ઊભા રહી ગયા છીએ જ્યાંથી આગળ જવું એ પણ જોખમી છે. પ્રભુ મહાવીરના અનેકાંતવાદને બરાબર સમજવાનો સમય આવી ગયો છે. આંખો ખોલ્યા સિવાય છૂટકો નથી.

હવે આપણે મનથી વિચારવું પડશે. જાતે જ નિર્ણય લેવાનો છે. સમાજના હિત માટે દીર્ઘદૃષ્ટિથી ભવિષ્યનું આયોજન વિચારવું પડશે.

'શિવમસ્ત સર્વજગત, પરહિત નિરતા ભવન્તુ ભૂતગણા,
દોષો પ્રયાન્તુ નાશં.... સર્વત્ર સુખી ભવન્તુ લોકા.'

ચાલો ! સૌ સાથે મળીએ, હળીએ, ગમતાંનો ગુલાલ કરીએ. એકબીજાં પ્રત્યેની ભૂલોને ભૂલી જઈએ. સૌને માફી આપીને આંતરમન સાફ કરી, ફરીથી સમાજના વિકાસમાં લાગી જવાનો પુરુષાર્થ કરીએ.

**પાટણ જૈન સમાજના**
**અનેક શુભચિંતકો તરફથી**

## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય - પાટણ : વાર્ષિકોત્સવ સ્પોન્સરર

શ્રી પાટણ એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય કેમ્પસમાં દર વર્ષે વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાય છે તે મુજબ ચાલુ સાલે, મંગળવાર તા. ૨૭-૦૩-૨૦૧૨ના દિને વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિકોત્સવના સ્પોન્સરર તરીકે મુખ્ય દાતા તરીકેના રૂા. ૫૧,૦૦૦/- તથા સહાયક દાતાના રૂા. ૩૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સમાજના દાતાઓને લાભ લેવા આગ્રહભરી વિનંતી છે. દાતાઓના નામો બેનર ઉપર યોગ્ય રીતે અન્યત્ર પ્રસિદ્ધ કરવામાં આવશે.

### નવા શૈક્ષણિક વિભાગ માટે દાતાઓને વિજ્ઞપ્તિ

પાટણ (ઉત્તર ગુજરાત) ખાતે આપણી શાળા-છાત્રાલય કેમ્પસમાં જુન ૨૦૧૨થી બાલમંદિરના નવા વર્ગો, પ્લે ગ્રુપ તથા જુનીયર કે. જી. શરુ કરવાનું નક્કી થયેલ છે. તેની પ્રાથમિક તૈયારીઓ શરૂ કરેલ છે. બાલમંદિરનો શૈક્ષણિક નવો વિભાગ તેમજ ધોરણ ૯થી ૧૦નો માધ્યમિક વિભાગ તેમજ ધોરણ ૧૧થી ૧૨નો ઉચ્ચ માધ્યમિક વિભાગ શાળામાં કાર્યરત છે.

શ્રી પાટણ જૈન મંડળ બાળાશ્રમના મકાનમાં ત્રણ રૂમો પ્લે ગ્રુપ માટે તૈયાર થઈ રહેલ છે. તેમજ કંપાઉન્ડમાં ગાર્ડનનું કામ પણ શરૂ કરેલ છે. પ્લે ગ્રુપ માટેના સાધનો, ફરનીચર વિ. બાબતે કાર્યવાહી ચાલુ છે. આમ જુન ૨૦૧૨થી નવા શૈક્ષણિક વર્ષથી બાલમંદિરમાં બાળકો કિલ્લોલ કરે તે માટેના સ્થાનિક સમિતિના સભ્યોના સક્રીય પ્રયત્નો રહ્યા છે.

**આ શરૂ થનાર નવા શૈક્ષણિક વિભાગને દાતાશ્રીનું નામ આપી શકાશે અને તે નામે બાલમંદિર વિભાગ સાકાર થશે. જે કોઈ દાતાની દાન આપવાની ભાવના હોય તેઓએ સંપર્ક કરવા વિનંતી.**

**શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી - ૯૮૨૦૦ ૮૮૯૯૭**

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ - ૯૩૨૨૨ ૫૦૭૨૨**

**જોરજુલમથી મેળવેલું લાંબું ટકતું નથી અને સર્વનાશ સર્જે છે.**

# પાટણનું જૈન જ્ઞાનમંદિર

ગુજરાતના પાટણમાં આજે સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહ કે ચાલુક્ય રાજા કુમારપાળની રાજધાની જેવી શોભા રહી નથી, તો પણ તેની શોભા એક કારણે જળવાઈ રહી છે. પેલા પ્રતાપી રાજેન્દ્રોના કાળમાં પાટણમાં જૈન-મુનિ હેમચંદ્રાચાર્ય થયા તે મહાજ્ઞાની હતા. ઊંચી કોટિના ગ્રંથોના લેખક હતા. અને એમને લીધે પાટણમાં જ્ઞાનભંડારોની સ્થાપના થઈ હતી. એ ભંડારો મહોલ્લે મહોલ્લે સ્થપાયેલા અને ભારતમાં પાટણ વિદ્યાનું કેન્દ્ર બનેલું. તે સમયે બે વિદ્યાપ્રેમી જૈન સાધુઓ ગુરુ ચતુરવિજયજી મહારાજ અને એમના શિષ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના પ્રખર પુરુષાર્થને લીધે એવા ૧૯ મહોલ્લાના જ્ઞાનભંડારોમાંથી ૧૭ ભંડારોનું એકીકરણ થઈ શક્યું. એમાં ૨૬,૦૦૦ ગ્રંથો અને ૭૫૦ તાડપત્રીઓ સારી રીતે સચવાયાં. આજે પાટણનો હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડાર ભારતનું ગૌરવ તો છે જ. અને એ પુસ્તક ભંડાર વિશ્વમાં પણ ખ્યાતિ પામ્યો છે. પ્રાચીન અને અલભ્ય ગ્રંથોના અભ્યાસ માટે પહેલાંની જેમ પાટણ તરફ વિદ્વાનોની નજર વળે છે એનું કારણ ગ્રંથોના વિષયોની વિવિધતા છે. સાહિત્ય, નાટક, કાવ્ય, તત્ત્વજ્ઞાનવૈદક, ખગોળ, જ્યોતિષ, ગણિત, મંત્ર, તંત્ર ને યંત્ર એમ જુદા જુદા વિષયોના અભ્યાસથઈ શકે છે. પાછળથી સંઘવી પાડાના મહોલ્લાએ પણ એનો ભંડાર સોંપી દીધો છે. ૧૯૩૭માં જ્ઞાનભંડારનું નવું મકાન તૈયાર થયું તેમાં તાડપત્રીઓનો મોટો સંગ્રહ તથા બીજા ગ્રંથો અર્પણ કરી દીધા છે.

આ જૈન ભંડાર હોવા છતાં એના ગ્રંથો જૈન ધર્મના જ નથી તેમ જૈન લેખકોની જ કૃતિઓ નથી. સિદ્ધરાજ અને કુમારપાળ જેવા યુદ્ધમાં જ કુશળ હતા તેવા વિદ્યાઓના જ ગુણજ્ઞ અને પ્રેરક હતા. એ ઉદારચિત રાજાઓએ કળાઓને ઘણું ઉત્તેજન આપ્યું હતું. દેશની ચારે દિશામાંથી ત્યાં વિદ્વાનો આવતા, એમનું સન્માન થતું. પરદેશના વિદ્વાનોએ પણ પાટણમાં રહીને અભ્યાસ તેમ જ લેખનકાર્ય કર્યું. સિદ્ધરાજની વિનંતીથી કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'સિદ્ધ-હેમ શબ્દાનુશાસન' નામનો વ્યાકરણ ગ્રંથ લખેલો. 'અભિયાન ચિંતામણિ' નામનો કોશ રચેલો. 'અનેકાર્થ-સંગ્રહ' અને કાવ્યશાસ્ત્રના ગ્રંથો 'છંદાનુશાસન', 'કાવ્યનુશાસન', 'દ્વયાશ્રય' વગેરે ગ્રંથો લખેલા.

પાટણમાં કાશ્મીરી પંડિત કવિ બિલ્હણ પધારેલા, હરિહર વિદ્વાન કવિ હતા. સિદ્ધરાજના મંત્રી શાંતુ મહેતાની વિનંતીથી કાશ્મીરના કવિ બિલ્હણે 'કર્ણસુંદરી' નામનું નાટક રચેલું. 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર'ની રચના કરનાર ચાણક્યે એવો જ બીજો ગ્રંથ 'રાજસિદ્ધાંત' પાટણમાં લખેલો. અમરચંદ્રસૂરિ મહારાજે 'બાલ ભારત' અને 'પદ્માનંદ' નામનું મહાકાવ્ય લખ્યું છે. એમાં જૈન તીર્થંકરનું ચરિત્ર છે. આ અને બીજા ગ્રંથો જ્ઞાનમંદિરમાં મળવા સુલભ છે. દેશના બીજા ભાગોમાં પ્રસિદ્ધ ગ્રંથો પણ અહીં સચવાયા છે. રાજશેખરની રચેલી 'કાવ્યમીમાંસા' પણ છે. આ કવિ દસમા સૈકામાં કનોજના રાજકવિ હતા.

નાલંદાની વિશ્વવિખ્યાત બૌદ્ધ વિદ્યાપીઠના લખેલો તત્ત્વસંગ્રહ ગ્રંથ અહીં છે. આ સાધુ કર્ણાટક ચાલ્યા ગયેલા અને ત્યાં વિક્રમાંકદેવચરિત લખ્યું તે પણ પાટણના જ્ઞાનમંદિરમાં છે. ધારાનગરીના રાજા ભોજનું 'શૃંગારમંજરી કથા', દામોદરે રચેલું કોશલ ભાષાનું વ્યાકરણ 'ઉક્તિ-વ્યક્તિ' અને જ્ઞાનેશ્વરી કરતાં અગાઉનો મરાઠી ગ્રંથ 'કલાનિધિ' અહીં છે. એ ગ્રંથ તાડપત્ર પર વૈજનાથે લખ્યો છે.

આ મહોલ્લા ભંડારો ઉપરાંત રાજા કુમારપાળે ૨૧ ભંડારો (પુસ્તકાલયો) બંધાવેલા. ધોળકાના રાજા વીરધવલના વીરમંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળે પણ ત્રણ ભંડારો બંધાવેલા. પરંતુ એ ભંડારોનો કાળધ્વંશ થયો છે.

મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ડૉ. પિટરસન નામના એક અંગ્રેજ વિદ્વાન સંસ્કૃત ભાષાના અધ્યાપક હતા. પાટણના જ્ઞાનભંડારો જોઈને એમણે લખેલું કે પાટણ જેવું શહેર મેં બીજે ક્યાય દીઠું નથી. પ્રાચીન હસ્તપ્રતોનો આવો વિપુલ સંગ્રહ ધરાવતાં હોય એવાં નગરો ઘણાં થોડાં છે. યુરોપની કોઈ પણ વિદ્યાપીઠ પાટણના જ્ઞાનભંડારો જોઈને ચકિત થશે. ડૉ. પિટરસન સાથે તેમના એક સાથીદાર અધ્યાપક ડૉ. બ્યુલેર અને ડૉ. કિલહોર્ન ઘણીવાર પાટણ આવેલા અને સંસ્કૃત હસ્તપ્રતોનો અભ્યાસ કરેલો. એવા બીજા વિદેશી વિદ્વાનોમાં કર્નલ જેમ્સ ટૉડ, ડૉ. એલ્સડ્રોફ અને શ્રી એ. કે. ફોર્બસ, જેમણે 'પ્રબંધચિંતામણિ'ની સહાયતાથી 'રાસમાલા' નામનો ગ્રંથ રચેલો.

હિંદના અર્વાચીન વિદ્વાનો પણ પાટણ આવ્યા હતા. એમાં ડૉ. ભાંડારકર, શ્રી કથવતે, ડૉ. ભોગીલાલ સાંડેસરા, વડોદરા અને ઑરિએન્ટ રિસર્ચના સંચાલક શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથ વગેરે ઘણા છે. પાટણના તાડપત્રોના ગ્રંથો વડોદરાની સસ્થાએ પ્રસિદ્ધ કર્યા એનો યશ મહારાજા સયાજીરાવને મળવો જોઈએ. એ મહારાજા વિદ્યાપ્રેમી હતા તેમ જ ગુજરાતપ્રેમી હતા. અહીંનો કોઈ પણ ગ્રંથ અમદાવાદના ઈન્ડોલોજી ઈન્સ્ટિટ્યૂટમાં પણ ગયો છે.

પાટણનું જૈન જ્ઞાનમંદિર ગુજરાતનું એક ગૌરવ છે. અન્યત્ર આવા ગ્રંથો હજી ખાનગી પેટીપટારામાં પડી રહ્યા છે ત્યારે પાટણે પ્રસિદ્ધિ આપી વિદ્વાનોને આકર્ષ્યા છે. ✷ ✷ ✷

## રાધાનો શ્યામ, મીરાનો પણ શ્યામ!

*કાનો મારા શ્વાસેશ્વાસે છવાયો,*
*શ્યામ સરિતા સાગરમાં સમાયો;*
*આરોહ અવરોહ ને સૂરના લયો,*
*બંસરીના અનહદનો હેવાયો !*

*સુખ દુઃખમાં મોહન સમાયો,*
*સમર્પણની ભાવનામાં પરોવાયો;*
*રાધાના પ્રેમના બંધને બંધાયો,*
*અધિપતિ, મીરા હૈયા હરખાયો !*

*ચરતી ધેનુકાને ટોળે સંતાયો,*
*મટકી ફોડી ગોકુળમાં ભરાયો;*
*સૂની વાટે, નિતર્યા નૈને વેરાયો,*
*વ્યાકુળ, વેરી મારા હૈયે ડોકાયો !*

**મ. ને.**

**સ્વાર્થ માટે તો સૌ જાગૃત થાય, પરમાર્થ માટે જાગૃત થનાર ઉત્કૃષ્ટ સમાજ.**

# દીશા કુલપાકજી અને હૈદરાબાદ યાત્રા પ્રવાસ

દિશા વિકલાંગ ઉત્કર્ષ સમિતિ શ્રી પાટણ જૈન મંડળનું અવિભાજ્ય અંગ છે એના દ્વારા વિકલાંગો માટેનો હેદરાબાદનો – કુલપાકજીનો યાત્રા પ્રવાસ શતાબ્દી વર્ષમાં યોજાયો તેનો અમને ગર્વ છે.

આ યાત્રા પ્રવાસનો સંપૂર્ણ આર્થીક સહકાર **શ્રી હર્ષ દીપકભાઈ જેસંગલાલ શાહ** (મનમોહનજીની શેરી) તરફથી પ્રાપ્ત થયો હતો. શ્નાની વયમાં આવું અદ્‌ભુત કામ કરવાના સંસ્કારનું સિંચન કરનાર **માતુશ્રી પૂર્ણીમાબેન તથા પિતાશ્રી દીપકભાઈ**ને ખોબલે ખોબલે ધન્યવાદ!

માનવંતા પ્રમુખ શ્રી જે. કે. શાહના પ્રેરણા અને પ્રયત્નોએ રંગ રાખ્યો. તા. ૮ફેબ્રુઆરીથી તા. ૧૩ ફેબ્રુઆરી સોમવાર સુધી આ યાત્રા-પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. લગભગ ૧૦-૧૨ વરસથી સાથે યાત્રા-પ્રવાસ કરીને 'દિશા' જાણે એક વટવૃક્ષ બની ગયું છે.

તા. ૮મી ફેબ્રુઆરીએ પ્રવાસ ચાલુ થયો! બપોરનું સ્વાદિષ્ટ જમણ આપણા બાળકના પેરેન્ટ્સ પન્નાબેન ઝવેરી તરફથી હતું અને ત્યાર પછી ડીનર માટેની વ્યવસ્થા પૂનાથી હરેશભાઈ બાબુલાલ શાહ દ્વારા કરવામાં આવી હતી. ૯મી હૈદરાબાદ પહોંચ્યા પછી ત્યાંથી કુલપાકજી તીર્થ પહોંચ્યા આ તીર્થ એટલું અદભૂત તીર્થ છે જે ક્યારેય ભૂલાશે નહી.

ભરત રાજાની વિંટીમાંથી બનાવેલા માણેકના ગ્રીન કલરના અદ્‌ભુત આદેશ્વર દાદાની ખૂબ જ અલૌકીક પ્રતિમા છે જેને અષ્ટાપદ પર્વત પરથી લાવવામાં આવ્યા છે. જ્યાં બાળકોને પૂજા અને સમૂહ આરતીનો લાભ મળ્યો. સાથે બાળકો એ બનાવેલ ધૂપ અને માળાઓ પણ ચઢાવવા મળી.

બપોરના જમણ બાદ હૈદરાબાદ ચૈતન્યપૂરી આગમન થયું. નામ પ્રમાણે ચેતનાથી ભરપૂર દેરાસર અને તેવી જ ધર્મશાળા. આ બધી વ્યવસ્થા કરવાનું શ્રેય કચ્છના જાણીતા ઉદ્યોગપતિ તથા ટ્રસ્ટી શ્રી ધનજીભાઈ સાવલાને ફાળે જાય છે. જાણે દરેક વસ્તુ માટે રેડ-કાર્પેટ બીછાવેલી હતી.

તે દિવસ સૌએ સાંજના લુમાની પાર્કમાં એનટીઆર ગાર્ડન અને લેઝર-શો તથા હુસેન-સાગરમાં બોટ રાઈડનો આનંદ માણ્યો હતો.

તા. ૧૦મી ફેબ્રુઆરીના રોજ રામોજી-ફિલ્મસિટીની મુલાકાત લેવા બાળકોના હૈયે આનંદનો મહાસાગરમાં ઉમટ્યો હતો. દરેક શો અને દરેક રાઈડ બીજું શું જોઈએ? આગળથી તેમને ઈ-મેઈલથી માહિતી આપવામાં આવી હતી. વિકલાંગ બાળકોને ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું અને ત્યાંના દરેક કર્મચારીઓ જાણતા હતા 'શ્રી પાટણ જૈન મંડળ'ના બાળકો આવી રહ્યા છે. ત્યાંની 'ચાણક્ય' નામની રેસ્ટોરેન્ટમાં બપોરના જૈન લંચના સ્વાદ માણ્યો.

તા. ૧૦મી ફેબ્રુઆરીના રાતના દર વખતની જેમ ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવ્યું જેમાં શ્રી જે. કે. શાહના આશીર્વચનો સાથે હવે પછીના પ્રવાસના આયોજન માટે વિચાર-વિનિમય કરવામાં આવ્યો.

તા. ૧૧મી ફેબ્રુઆરીના રોજ સવારના નવગ્રહ-જિનાલય તરફ સવારી ઉપડી. જ્યાં સેવા-પૂજા-ધૂપ-દીપ તથા સમૂહ ચૈત્યવંદન અને આરતીનો લાભ લેવામાં આવ્યો. અદ્‌ભુત-જિનાલય.

સલારગંજ-મ્યુઝિયમ તથા કાર-શોની મઝા દરેક બાળકોએ મન મૂકીને માણી. સાંજનો ટાઈમ શોપિંગ અને મનગમતી પ્રવૃત્તિ માટે ફાળવવામાં આવ્યો.

તા.૧૨મી ફેબ્રુઆરીના રોજ સવારના હૈદરાબાદના બાકીના જિનાલય તથા પછી રિટર્ન જરની!

તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ મુંબઈ સીએસટી પર આગમન થયું. સ્મિત અને સ્મૃતિ મમળાવતા સૌ વિખેરાયા.

**☐ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

## નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ● (જાxખ)


**સમાજે આપણને શું આપ્યું કરતાં સમાજને આપણે શું આપ્યું વિચારવું હિતાવહ છે.**

# શું તમને સુખ શાંતિ અને સફળતાની ઝંખના છે ?

મનુષ્યના જીવનમાં દરેક વસ્તુ બે વખત બને છે. પહેલાં તેના મનમાં તેની બ્લ્યુપ્રિંટ તૈયાર થાય છે અને પછી તે તેના જીવનમાં હકીકત બની જાય છે.

દરેકને જીવનમાં સમૃદ્ધિ, સુખ અને શાંતિ જોઈએ છે અને તે મેળવવા પ્રત્યેક મનુષ્ય પોતાનાથી બનતા બધા જ પ્રયાસો કરે છે. છતાં પણ તેને જ્યારે નિષ્ફળતા જ મળે છે, ત્યારે તે હતાશ થઈ જાય છે અને પછી સ્વયંને આશ્વાસન આપવા કંઈક આ રીતે બોલે છે -

'હશે, મારા નસીબમાં સુખ લખાયું જ નહિં હોય.'

'મારા ભાગ્યમાં આવું જ જીવન જીવવાનું નિર્માણ થયું હશે.'

'મારી ગ્રહદશા કદાચ નબળી હશે.'

'મારા ગયા જન્મના કર્મ આડા આવતા હશે.'

ડૂબતો માણસ જેમ તરણું પકડી જીવ બચાવવા પ્રયત્ન કરે તેમ તે તંત્ર, મંત્ર, જાપ, ધાગાદોરા, તાવીજ કે નંગના ચકરાવામાં વધુ ને વધુ ખૂંચતો જાય છે. ત્યારે તેને ખાતરી થઈ જાય છે કે તેનું જીવન દુઃખી થવા માટે જ છે, તેને કદાચ પિતૃદોષ નડતો હશે-કદાચ પરમેશ્વરની પણ તેવી જ ઈચ્છા હશે.

દોસ્તો, આપણે કહીએ છીએ અને શ્રદ્ધાપૂર્વક માનીએ પણ છીએ કે દરેક જીવમાં આત્મા હોય છે અને આ આત્મા પરમેશ્વરનો જ અંશ છે, આત્મા સો પરમાત્મા.

પાછા આપણે એમ પણ કહીએ છીએ કે આપણે બધા એક જ પરમ પિતા પરમેશ્વરના જ સંતાનો છીએ.

હવે, તેમ જ મને સમજાવો કે કયા પિતાને પોતાના સંતાનોનું જીવન દુઃખમય થાય એવી ઈચ્છા હોય ?

તમારું જીવન ત્રાસમય થાય, તમે હંમેશા ગરીબીમાં સબડો, આવું કરનાર કે ઈચ્છનાર શું આપણા પિતા હોઈ શકે ? કદી પણ નહિ.

ઈશ્વરે દરેકને બે શક્તિ આપી છે. એક શારીરિક શક્તિ અને બીજી મનની. શારીરિક શક્તિથી માણસ રોટી, કપડાં અને કદાચ એક રૂમનું ઘર મેળવી શકે, પણ મનની શક્તિથી માણસ ઊંચામાં ઊંચા લક્ષ્યાંક હાંસલ કરી શકે છે.

*'અધીરો બન્યો છે ઈશ્વર તને બધું આપવા માટે,*
*ને તું ચમચી લઈને ઊભો છે દરિયો માપવા માટે.'*

**'અનિલ ચાવડા'**

જરૂર છે માત્ર મનમાં ઘર કરી ગયેલાં નકારાત્મક વિચારોને અને જીંદગી તરફનો નકારાત્મક અભિગમ બદલવાની અને તમારામાં કશુંક મેળવવાની તીવ્ર ઈચ્છા જગાડવાની.

પોઝિટિવ થિંકિંગ + પોઝિટિવ એટીટ્યુડ + બર્નિંગ ડીઝાયર
= તમારા સ્વપ્નાની સિદ્ધિ

વ્હાય ડ્રીમ સ્મૉલ ? વ્હેન હોલ યુનિવર્સલ પાવર ઈઝ બિહાઈંડ યુ.

જીંદગીમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ મેળવાનો તમારો જન્મસિદ્ધ હક્ક– બર્થ-રાઈટ છે, કારણ તમે પણ પરમપિતા પરમેશ્વરના સંતાન છો.

પરમપિતા પરમેશ્વરનો અંશ આત્મા જે આપણા બધામાં છે, તેને મનોવિજ્ઞાનિકો અર્ધજાગ્રત મન (સબકોન્શિયસ માઈંડ) કહે છે, તે સદાય તમને મદદ કરવા તત્પર જ છે.

જરૂર છે માત્ર તેને સમજવાની, તેની પાસેથી આપણા સ્વપ્નો પૂરા કરાવવાની આવડત. એકવાર તમારા હાથમાં આ જીન આવી જશે પછી તમારા સ્વપ્ન પૂરા કરવાની આડે કોઈ નહિ આવી શકે.

*'હમ હોંગે કામયાબ, હમ હોંગે કામયાબ,*
*હમ હોંગે કામયાબ એક દિન,*
*હો મનમેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ,*
*હમ હોંગે કામયાબ એક દિન.'*

તો મિત્રો, જ્યારે પણ તમારા મનમાં તમારા સ્વપ્નો પૂરા કરવાની બર્નિંગ ડિઝાયર જાગે ત્યારે જરૂરથી આવજો, મારા ઘરના દરવાજા તમારા માટે હંમેશા ખુલ્લા છે.

**પ્રતાપભાઈ શાહ - ૯૮૬૯૦૪૫૨૬૯**


# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**Financial position as on 31st March 2011 (Rs. In Lacs)**

| | | | |
|---|---|---|---|
| Share Capital | 261.95 | CRAR | 23.42% |
| Reserve Fund | 993.47 | Dividend (proposed) | 12.00% |
| Deposits | 6350.77 | Working capital | 7888.57 |
| Advances | 3170.04 | Net Profit | 74.53 |

**AUDIT CLASS ``A"**

- NO NEW NPA'S SINCE LAST 2 YEARS
- COURTEOUS STAFF AND EFFECTIVE SERVICES

**WE OFFER**

- 1% p.a. over rate of deposit on advances against deposit receipt for borrower OR third party
- Locker facility in both branches ● RTGS/NEFT tie-up Bank of Baroda ● Car loan@11% p.a.
- Housing Loan @ 11% -- upto Rs. 40.00 lacs ● LOAN AGAINST NSC / LIC POLICIES @ 11%
- Line of credit – (Local/ foreign) facility withThe Saraswat Co-operative Bank Ltd.
- Deposit Interest @ 10% p.a. for 1125 days – senior citizen/single deposit @ 10.25% over Rs 15 lacs
- NO TDS DEDUCTION FROM INTEREST PAID/PAYABLE TO THE MEMBERS.
- Extension counter at Nagdevi and branches at Marine Drive and Goregaon

**AS ALWAYS......................................WE ARE WITH YOU** (ADVT)


**પરમાર્થ માટે બહિષ્કાર એ સત્યાગ્રહ, સ્વાર્થ માટે બહિષ્કાર એ દુરાગ્રહ; દુરાગ્રહ અને હઠાગ્રહ એ ત્રાસવાદની જનની.**

## વાચકનો પત્ર

**પ્રમુખશ્રી તથા કમિટીના સભ્યો અને ટ્રસ્ટીઓ જોગ**

શ્રી પાટણ જૈન મંડળે શતાબ્દી વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. દરેક પટ્ટણી માટે આ ગૌરવ લેવા જેવી બાબત છે. ખૂબ ખૂબ મંગલકામનાઓ સાથે નીચે મુજબનું સૂચન રજૂ કરું છું. જેનો સ્વીકાર કરવા નમ્ર વિનંતી છે.

મુંબઈની બહાર વસતા પટ્ટણી જૈન પરિવારો માટે એક ફ્લેટ અતિથીગૃહ તરીકે જરૂરથી રાખવો જોઈએ. તેવી ઈચ્છા મુંબઈ બહાર રહેનારા પરિવારોની છે. ઘણાં વર્ષોથી આ બાબતની માંગણી રજૂ કરવામાં આવે છે. અવારનવાર સારાં-માઠા પ્રસંગે વહેવારિક કામ માટે બધાંને મુંબઈ આવવું તો પડે જ છે. માંદગીની સારવાર માટે પણ મુંબઈ આવીને ઘણાં દિવસો સુધી રોકાવું પડે તેવા સંજોગો ઉભા થાય છે. આવી પરિસ્થિતિમાં જો સગા સંબધીને ઘરે રહેવાનું કરીએ તો બંને પક્ષે જગ્યાની સંકડાસને લીધે મૂંઝવણ ઊભી થાય છે. તેથી બહારથી આવનારને જોઈએ તે મુજબની સગવડતા મળતી નથી. વધતી જતી **મોંઘવારીના કારણે ગેસ્ટ હાઉસ કે હોટલોમાં રહેવું અનુકૂળ પડતું નથી.**

ઘણાં વર્ષો પહેલાં મકાન નં.૩માં એક ફ્લેટ ખાલી થયો હતો ત્યારે પણ વિનંતી કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય પ્રતિસાદ મળ્યો નહોતો ખેર! હવે આ શતાબ્દી વર્ષમાં ૧ ફ્લેટનો મરીનડ્રાઈવનાં બે મકાનમાંથી જ્યારે પણ પ્રપોઝલ ટ્રાન્સફરની આવે ત્યારે મંડળે જ તે ફ્લેટ લઈને અતિથીગૃહ તરીકે રાખવો જોઈએ. આજ સુધી ઘણાં ફ્લેટો ટ્રાન્સફર થયા છે, પણ તક હાથમાંથી જતી રહી છે. તો હવે નિર્ણય લેવો જોઈએ. અત્યાર સુધીની આવેલી ટ્રાન્સફરની રકમમાંથી પણ ફ્લેટ લઈ શકાય છે અને આ ફ્લેટ મંડળની માલિકીનો જ થવાનો છે. ભવિષ્યમાં વૃદ્ધિ થવાની છે. બોરીવલી ખાતે પણ ફ્લેટ લઈ શકાય.

તેના નિભાવ માટે દૈનિક ધોરણે યોગ્ય વળતરની રકમ લઈએ તો આ યોજના સારી રીતે પ્રસ્તુત થઈ શકે તેમ છે. આ શુભકાર્ય માટે જરૂરથી સમાજનો સાથ-સહકાર મળી રહેશે. આજની તાતી જરૂરિયાતોને લક્ષમાં રાખી મંડળની વ્યવસ્થાપક સમિતિમાં આ માટે યોગ્ય ઠરાવ પાસ કરાવવો જોઈએ. આભાર

☐ **જયકુમાર કાંતીલાલ શાહ**, ચેન્નઈ


### સંસ્કાર સાધના ક્લાસીસ

૧૯, બેઝમેન્ટ, આત્મ વલ્લભ સોસાયટી, અલાયન્સ હૉસ્પિટલની બાજુમાં, આચોલે રોડ, નાલાસોપારા (ઈસ્ટ), ફોનઃ ૦૨૫૨-૨૪૩૦૩૫૦. મોબાઈલ : ૯૩૨૩૪૪૨૩૫૬.

બહારથી કઠોર પરંતુ અંદરથી નરમ પોચા રૂ જેવા પાટણનિવાસી **કુંભારીયા પાડાના શેઠશ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ તેમ જ સાધનાબેનના** સહયોગથી નાલાસોપારા ખાતે વિવિધ કૉર્સ ફીમાં શીખવવામાં આવે છે. લગભગ ૮૦૦ થી ૧૦૦૦ જેવા વિદ્યાર્થીઓ લાભ લે છે. ભણીને દરેક પગભર થાય તેવી મહેન્દ્રભાઈની ઈચ્છા ફળીભૂત થયેલ છે. મહેન્દ્રભાઈને કોટિ કોટિ વંદન.

**ફ્રી કૉર્સ** (ફક્ત સ્ત્રીઓ અને બાળકો માટે)

| | | |
|---|---|---|
| ૧. બ્યુટી પાર્લર | ૫. ડ્રોઈંગ ક્લાસ | ૯. એપ્લીક વર્ક |
| ૨. હેન્ડ એમ્બ્રોડરી કોર્સ | ૬. રંગોળી ક્લાસ | ૧૦. ફેબ્રીક વર્ક |
| ૩. સિવણ ક્લાસ | ૭. કૉમ્પ્યુટર કૉર્સ | ૧૧. જરદોશી વર્ક |
| ૪. ઇંગ્લિશ સ્પીકીંગ કોર્સ | ૮. મહેંદી કોર્સ | |

**પ્રી પ્રાયમરી સ્કૂલ**
પ્લે ગ્રુપ, નર્સરી, જુનિયર, સિનીયર, કે.જી. ફી. રૂા. ૫૦/- દર મહિને

**ડાન્સ ક્લાસીસ**
બાળકો અને સ્ત્રીઓ માટે જ. ફી રૂા. ૧૫૦/- દર મહિને

**દિનેશભાઈ : ૯૩૨૩૪૪૨૩૫** (જાxખ)


## અનુમોદના

આજથી ૧૦૦ વર્ષ પહેલાં અનેક દાનવીરો, ધર્મવીરો અને કર્મવીરોએ પાટણના જૈન સમાજની ઉન્નતિ અને સેવા માટે શ્રી પાટણ જૈન મંડળની સ્થાપના કરી. જેના અનેરા, અમૂલ્ય, પ્રશંસનીય, કાર્યોની સુવાસ અને પરિણામોનો અનુભવ આપણે આજે કરી રહ્યા છીએ.

આપણું ગૌરવવંત મંડળ તા.૧૬-૧૨-૨૦૧૨નાં રોજ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ્યું, જેનો મંગળ પ્રારંભ તીર્થયાત્રાથી થાય તેવા શુભ આશયથી **જીવનસૌરભ સમિતિ**એ સૌજન્યદાતા પરિવાર, પાટણની પ્રભુતાનાં પથ સારથિ, એવા મહાન દાનવીરો **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ માટલીવાળા પરિવાર**, તેમજ **શ્રીમતિ વિમળાબેન નવીનચંદ ગભરુચંદ શાહ પરિવાર**ની ઉદારતમ અને ધર્મભાવનાથી વરિષ્ઠ પટણીભાઈ-બહેનો માટે અતિસુંદર **શાહપુર-ધર્મચક્ર** તીર્થયાત્રાના બે દિવસના પ્રવાસનું અવર્ણનીય, અવિસ્મરણીય અને અનુમોદનીય, આયોજન સફળતાપૂર્વક પાર પાડ્યું. આ અદ્‌ભુત, અલૌકીક અને અનેરા ધાર્મિક યાત્રાપ્રવાસમાં મારા જેવા સાતસો યાત્રિકોએ ધન્યતાનો સુખદ અનુભવ કરી જીવન ધન્ય થવાનો અહેસાસ કર્યો.

બસ પ્રવાસ, જમવાની અતિસુંદર વ્યવસ્થા, અતિભવ્ય જિનાલયમાં સેવા, પૂજા, તેમજ રાત્રે ભાવનાની રમઝટ અવિસ્મરણીય બની ગયાં છે. જે બદલ મહાનદાતા પરિવારો, જીવનસૌરભ સમિતિનાં દરેક સભ્યો, શ્રી પાટણ જૈન મંડળનાં હોદ્દેદારો, તેમજ મેનેજરશ્રી તથા સર્વ સ્ટાફનો સર્વવતી હું ખૂબ ખૂબ આભારસહ વિરમું છું.

આપનો
**લલિતભાઈ કે. શાહ**

### લગ્નસંબંધી

**યુવકનું નામ : નિહિર નિર્મળ સાલવી**
માતા-પિતા : મીનાક્ષી નિર્મળ સાલવી
જન્મ : ૦૨-૦૮-૧૯૭૯ હાઈટ : ૫'-૧૧''
અભ્યાસ : B. Com. Occupation : Business
Contact No. : Mobile : 8080995861. R. : 23857410
(જાxખ)

### લગ્નસંબંધી

**નામ : કુ. ખ્યાતિ નરેશ શાહ**
**માતા-પિતા : ચેતના નરેશ નેમચંદ શાહ**
**જન્મ તારીખ : ૧૦-૫-૮૫. ઊંચાઈ : ૫'-૫''**
**અભ્યાસ : કૉમર્શિયલ આર્ટ, ગ્રાફિક ડિઝાઈનર**
**મહોલ્લો : ફોફલીયા વાડો, મનમોહનજીની શેરી**
**રહેઠાણ : નૂતન જીવન સોસાયટી,**
**ઈ-૪-૪, કૃપા નગર**
**એસ.વી. રોડ, ઈરલા**
**વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.**
**ફોન : ૨૬૭૧૨૪૪૦.**
**મોબાઈલ : ૯૮૩૩૫૬૪૩૫૫**
**મોસાળ : વ્રજલાલ મણિલાલ શાહ, ઢંઢેરવાડો.** (જાxખ)

# આરોગ્ય દર્પણ : ખભાનો દુઃખાવો

**સામાન્ય માહિતી :**

(૧) ખભામાં અચાનક દુઃખાવો શરૂ થવાનું સામાન્ય કારણ સ્નાયુતંતુઓમાં (લિગામેન્ટ્સ) થતું ખેંચાણ છે. ઉદાહરણ રૂપે રમતાં રમતાં કે પ્રવાસ દરમ્યાન ભારે સામાન ઉપાડતાં આવું થઈ જતું હોય છે.

(૨) ઘણાં લોકોમાં એવી માન્યતા હોય છે કે હૃદયપીડાને કારણે ડાબા ખભામાં કે તેની આસપાસ અને ડાબા હાથમાં પણ દુઃખાવો થાય છે. અલબત્ત આવું થઈ શકે છે પરંતુ એ યાદ રાખો કે હૃદયપીડા તો જ થાય છે–

(૧) તમે પ્રૌઢ હો.

(૨) તમે અતિશય ધુમ્રપાન કરતા હો અથવા શરાબ પીતા હો.

(૩) વજન વધારે હોય.

(૪) જો ભાગ્યે જ કસરત કે પરિશ્રમ કરતા હો.

(૫) જેઓને લાંબા સમયથી ડાયાબિટીસ કે હાઈબ્લડપ્રેશર હોય.

(૬) જેના કુટુંબના કોઈ સભ્યને (લોહીના સંબંધે જોડાયેલ સભ્યને) નાની ઉંમરમાં હૃદયરોગ થયો હોય.

(૭) જેઓને ખભાના દુઃખાવા સાથે છાતીની મધ્યમાં કે સમગ્ર છાતીમાં પીડા થતી હોય.

(૩) ખભાનું હલનચલન કરતાં જ ખભામાં અચાનક દુઃખાવો શરૂ થઈ જાય તો આ પ્રકારનો દુઃખાવો મોટે ભાગે ત્યાંની માંસપેશીઓના ખેંચાવાથી, ફાઈબ્રોસાઈટીસ કે ખભાના જકડાઈ જવા (ફ્રોઝન શોલ્ડર)ના કારણે હોય છે. આમાં ગોળીઓ અથવા ઈંજેક્શનોથી ભાગ્યે જ ફાયદો થાય છે.વારંવાર આયોડેક્સ કે બામ લગાવવાથી કે ગરમ પાણીથી થેલીથી શેક કરવાથી થોડી રાહત રહે છે. જો આમ કરવાથી કંઈ પણ ફાયદો ન થાય તો ફિઝિયોથેરેપીસ્ટની મદદ લેવી જરૂરી છે. તે તમને વિશેષ પ્રકારની લાઈટ શોર્ટ વેવ ડાયાથર્મી (SWD)નો કૉર્સ આપશે. ખૂબ તીવ્ર પ્રકારના દુઃખાવા માટે ઓર્થોપેડીક ડૉક્ટરની મુલાકાત લેવી જરૂરી છે. તે તમને તુરત રાહત થાય તે માટે દુઃખાવાની જગ્યામાં ઇંજેક્શન આપશે. ખભાના દુઃખાવાના આવા તમામ કિસ્સાઓમાં એસ્પિરિન, મેટાસિન કે ક્રોસિન જેવી દર્દ નિવારક તેમ જ કામ્પોઝ જેવી દર્દ શામક દવાની ગોળીઓ દિવસમાં બેથી ત્રણ વખત લઈ શકાય.

(૪) એક બાબત ખાસ યાદ રાખો કે ખભાનો ઍક્સ-રે ખભાના દુઃખાવાના કારણ અંગે ભાગ્યે જ કોઈ માહિતી આપે છે.

તમને જે તરફના ખભામાં દુઃખાવો છે તે તરફ છાતીમાં પણ પીડા છે કે જે ઉધરસ ખાતી વખતે કે ઊંડા શ્વાસ લેતી વખતે વધી જાય છે ? તમને તાવ અથવા ઉધરસ પણ છે ? તો–

તમને ન્યૂમોનિયાની સાથે થવા તેના વિના પ્લૂરસી હોવાની શક્યતા છે.

છાતીનો ઍક્સ-રે પડાવો અને જો આ ફરિયાદ ટૂંકા ગાળાની હોય તો તમારા ફેમિલી ડૉક્ટરને મળો.

જો આ તકલીફ એક અઠવાડિયાથી વધારે સમયથી હોય તો કોઈ સ્પેશિયાલિસ્ટ કે ફિઝિશ્યન પાસે જાવ.

જો તમને ડાબા ખભામાં દુઃખાવો હોય તો તમને કદાચ હૃદયપીડા (હાર્ટપેઈન) હોઈ શકે. અલબત્ત આવું ત્યારે જ ધારવું કે જ્યારે,

(૧) દુઃખાવો છાતીની / વચ્ચોવચ પણ થતો હોય.

(૨) અતિ પરિશ્રમને કારણે જો દુઃખાવો ઉત્પન્ન થયો હોય.

(૩) એન્જાઈના કે હાર્ટઍટેકના લક્ષણો પણ મોજુદ હોય.

જો તમને જમણા ખભામાં દુઃખાવો હોય પણ હાથના હલનચલનથી વધતો ન હોય પરંતુ પેટમાં જમણી બાજુ ઉપરની તરફ ખૂબ દુઃખાવો થાય છે તેમ જ ઊલટી થઈ રહી છે અને થવા પરસેવો વળી રહ્યો છે તો તમને કદાચ પિત્તાશય (ગોલબ્લેડર)માં પથરી હોઈ શકે.

તરત જ તમારા ફેમિલી ડૉક્ટરને મળો. તે તમને દર્દનિવારક ઇંજેક્શન આપશે. પછી કોઈ વિશેષજ્ઞ ડૉક્ટરને મળો જે તમને ગોલબ્લેડરનો ઍક્સ-




CARAT JEWELLERY

118, Dharam Palace,
B Wing, 1st Floor,
Hughes Road, Mum-7.
Cont. No.:02223610180/81
Tushar: 09820223110
Rupal: 09969525061
Amar: 09004777012
E-Mail-caratjewellery@gmail.com
By Appointments Only.

Advt


પૃથ્થકરણ કે પીંજણ છોડી ભાવિક અને સ્વાભાવિક બનીએ

રે કરાવવાની (ઑરલ કોલેસિસ્ટોગ્રામ) અથવા સોનોગ્રાફી કરાવવાની સલાહ આપશે.

જો તમને જમણા ખભામાં દુઃખાવો હોય અને જે હાથના હલનચલનથી વધતો નથી અને આ દુઃખાવાની સાથે સાથે તમને તાવ છે અને છાતીમાં જમણીબાજુ નીચેની તરફ પીડા છે અથવા પેટમાં ઉપરની તરફ દુઃખાવો છે તો તમને લિવરમાં પસ (પસ ઇન લિવર) હોવાની શક્યતા છે. આ રોગ એવા લોકોને થવાની શક્યતા વધુ હોય છે જેઓ ખૂબ જ શરાબ પીતા હોય અથવા જેઓને પહેલાં મરડાની તકલીફ થઈ હોય. કોઈ સારા સ્પેશિયાલિસ્ટ ફિઝિશ્યન પાસે જાવ જે તમને લિવર સ્કેન કે સોનોગ્રાફીની સલાહ આપી શકે. જો આવા પરીક્ષણો કરાવવાનું શક્ય ન હોય તો કોઈ સિનિયર ફિઝિશ્યનની સલાહ લેવી જોઈએ. આવા ઘણાં દરદીઓનો ફિઝિશ્યન ઍક્સ-રે નોર્મલ હોય છે.

જો તમારા આખા ખભામાં દુઃખાવો હોય અને વાળ ઓળતી વખતે, સૂતી વખતે કે શૌચક્રિયા વખતે હાથ નીચે તરફ લઈ આગળ પાછળ લઈ જતાં દુઃખાવો વધતો હોય તો તો મોટે ભાગે તમારો ખભો જકડાઈ જવો (ફ્રોઝન શોલ્ડર) હોઈ શકે. આ બિમારીમાં માત્ર દર્દ નિવારક ગોળીઓથી ફાયદો નહિ થાય. તમારા ફેમિલી ડૉક્ટરને મળો જે તમને શોર્ટ વેવ ડાયાથર્મી (SWD) લેવાની સલાહ આપશે. આ ઉપરાંત ઓછામાં ઓછા ત્રણ થી છ મહિના સુધી તમારે ખભાની કસરતો પણ કરવી જોઈએ. જો દુઃખાવો તીવ્ર અને અસહ્ય હોય તો કોઈ ઑર્થોપેડીક સર્જન પાસે જાવ જે તમને દુઃખાવાની જગ્યાએ હાઈડ્રોકોર્ટિઝનનું ઇંજેક્શન આપે.

જો હાથ હલાવતી વખતે તમારા ખભામાં એક જ સ્થાન પર દુઃખાવો થતો હોય તો તમને કદાચ ફાઈબ્રોસાઇટિસ કે મચકો (મોચ) હોવાની શક્યતા છે. આયોડેક્સ લગાવો તથા દુઃખાવાની જગ્યાએ શેક કરો. આવું ત્રણ ચાર વાર કરો. જો તમને અઠવાડિયામાં સારું ન થાય અને દુઃખાવો અસહ્ય બની જાય તો કોઈ ઑર્થોપેડીક સર્જન પાસે જઈ દુઃખાવાવાળી જગ્યાએ હાઈડ્રોકોર્ટિઝનનું ઇંજેક્શન લો.

(૧) જો ગરદન ફેરવવાથી, ઉધરસ ખાવાથી કે છીંક ખાવાથી દુઃખાવો વધી જતો હોય

(૨) હાથમાં અને આંગળીઓમાં રહી રહીને સોય ભોંકાતી હોય તેવી પીડા થઈ રહી હોય

(૩) જો તમને ગરદનમાં થોડોક દુઃખાવો હોય અને ગરદન જકડાઈ જતી હોય તેવું લાગે તો સર્વાઇકલ સ્પોન્ડોલિસિસ હોવાની શક્યા છે.

આ એક સામાન્ય બિમારી છે જે વધતી જતી ઉંમર અને કરોડના હાડકાંનાં ઘસારાને પરિણામે થતી હોય છે. જો થોડા દિવસોમાં પોતાની મેળે સુધારો ન થાય તો ફિઝિયોથેરેપી સેન્ટરમાં જવું આવશ્યક છે. ત્યાં સર્વાઇકલ ટ્રેકશન, કસરતની સગવડો હોય છે. માત્ર દર્દ નિવારક દવાની ગોળીઓથી ફાયદો નહિ થાય. જ્યાં દુઃખાવો હોય ત્યાં આયોડેક્સ લગાવવાથી ફાયદો થશે. જો તમને તીવ્ર દુઃખાવો થતો હોય તો તમારા ફેમિલી ડૉક્ટર પાસે જઈ કોઈ દર્દ નિવારક જલદ દવા લો – જરૂર પડે તો ગળાના પટ્ટાનો (બેલ્ટ)નો ઉપયોગ કરો. થોડા મહિના કોઈ ભારે વજન ન ઉપાડો.

☐ **સંકલિત**

## મંગલમય મૃત્યુ

*'મંગલ મંદિર ખોલો, દયામય મંગલ મંદિર ખોલો.*
*જીવનવય અતિ વેગે વટાવ્યું, દ્વાર આવી ઊભો શિશુ ભોળો,*
*દયામય મંગલ મંદિર ખોલો.'*

જીવન ગમે તે રીતે જીવ્યા હોઈએ, પણ પ્રભુ પાસે તો બાળક જેવા બનીને જ જવાનું છે. રોગના ઔષધ તો ઘણા છે પણ મરણનું ઔષધ કોઈ વૈજ્ઞાનિક, કોઈ ડૉક્ટરે શોધ્યું નથી. સાધુ–સંતોના 'શતાયુ જીવ' એવા આશીર્વાદ પણ ફળતા નથી. અરે ઇન્દ્ર મહારાજાએ પ્રભુ વીરને ભસ્મગ્રહ આવતો હોવાથી આયુષ્ય વધારવાનું કહે છે તો મહાવીર પ્રભુ કહે છે કે એ અસંભવિત છે, શક્ય જ નથી. ઉદય-અસ્ત, સંયોગ-વિયોગ, ચડતી-પડતી, ભરતી-ઓટ આ બધા તો કુદરતના સનાતન નિયમો છે. આપણે કોઈ અમર પદ નથી લઈને આવ્યા. આપમા પૂર્વજો ગયા તેમ આપે સૌએ તે પંથના પ્રવાસી તો બનવાનું જ છે. જન્મ, જરા, મૃત્યુ નિશ્ચિત જ છે. કદાચ યુવા વયે મૃત્યુ આવે તો જરા-ઘડપણ ન આવે; પણ મૃત્યુ તો જન્મ સાથે જ સંકળાયેલું છે. ગમે તે પળે આવે તો ય ચોક્કસ આવનાર મૃત્યુને આવકારી શકાય તેવી સ્થિતિ કેળવવી જોઈએ. મોતનો ડર ન રાખતાં મનને આધ્યાત્મમાં જોડો. હું એકલો આવ્યો છું અને એકલો જ જવાનો છું; સાથે પુણ્ય ને પાપ જ સાથીદાર છે. જીવનદોરી તૂટી ત્યાં જડીબુટ્ટી પણ ફળતી નથી કે મળતી નથી.

સંસારના આપણે પ્રવાસી છીએ, રહેવાસી નથી. ધામ, ધરા, ધન બધું મૂકીને જવાનું છે. જીવનના દરેક પ્રવાસમાં સ્ટેશન આવે ત્યારે સામાન લઈને ઉતરવાનું હોય છે, પણ જીવનના અંતિમ પ્રવાસમાં બધું જ અંતિમ સ્ટેશને મૂકીને ઉતરવાનું હોય છે. અંતિમ સ્ટેશન એટલે મૃત્યુ. સ્થિર ન રાખે તેનું નામ સંસાર. જન્મ-મૃત્યુ તો તડકા-છાયાની જેમ સાથે જ રહેવાના. પુદ્‌ગલ-શરીર તો ભાડાની કોટડી છે. ક્યારે યમ માલિક આવી નોટિસ આપે તે ખબર નથી. લક્ષ્મીની લાલસા, જીવન જીવવાની ઝંખના અને પુદ્‌ગલ પરિવાર પ્રત્યે મોહ-રાગ, આ જ મૃત્યુને મંગલમય ન બનાવતાં બિહામણું, ભયાનક બનાવે છે. જ્યાં સુધી કર્મોની જાળમાં ફસાયેલા છીએ ત્યાં સુધી જન્મ-મૃત્યુ નક્કી જ છે. રાજા, મહારાજા, ધનવાનો, પંડિતો, સાધુ-સંતો કોઈને મૃત્યુ છોડતું નથી તો જે ભવ, જે પુદ્‌ગલ મળ્યું તેમાં જ સંતોષ અને સમર્પણભાવ રાખી જીવનને એવું ભયમુક્ત બનાવો કે મૃત્યુ વેળા આપણે હાયવોય કરી પાંગળા ન બનીએ. મૃત્યુ એટલે પરિવર્તન. મોત એટલે પુદ્‌ગલનો નાશ. આત્મા તો અવિનાશી-અજરામર-સનાતન છે. અનંત ગુણોનો સ્વામી છે. એટલે મોત સામે પડકાર નહીં પણ સ્વીકાર કરવાનો છે. જે અનિવાર્ય છે એની સામે લડત ન આપતાં નમ્ર બનવાનું છે. કદાચ મોત વેળા કાયા દર્દથી-રોગથી ઘેરાઈ હોય તો હે પ્રભુ ! સમતાભાવે સહન કરવાનું બળ જરૂરથી આપજે. મારી આ એક અંતરની વિનંતી જરૂરથી સાંભળજે-સ્વીકાર જે અને મારું સ્વાગત કરવા તારા મંદિરના દ્વાર ખુલ્લા રાખજે.

પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર, તારા બાળકડાને કાજ,
ભટકી ભટકી આવ્યો છું તારે બાર, મોક્ષની મંઝિલ બતાવજે.

☐ **શ્રીમતી ઉર્મિલાબેન ધીરેનભાઈ શાહ**

**ઈશ્વરના સત્સંગથી હૈયાની વસંત ખીલે અને પ્રેમની પરિમલ પ્રસરે**

# ઈજિપ્તના મમી અને મેકડોનાલ્ડ બર્ગર

મેનકા ગાંધી

ઇજિપ્તના મમી અને મેકડોનાલ્ડના 'હેપી મિલ'માં શું સામ્ય છે ?–બંને કદી સડતાં નથી. ન્યૂ યોર્કની કલાકાર સેલી ડેવિસનો જાતઅનુભવ છે. એપ્રિલ ૨૦૧૦માં તેણે મેકડોનાલ્ડનું 'હેપી મિલ' ખરીદેલું, જે હજી એના રસોડામાં સલામત છે. દર અઠવાડિયે તે એના ફોટા પાડે છે અને નેટ પર મૂકે છે. છ મહિના પછી પણ તેના પર ફૂગ લાગેલી નથી. તે કહે છે, 'ફેરફાર એક જ થયો છે – ખાવાનું પથ્થર જેવું સખત બની ગયું છે, અડતાં પ્લાસ્ટિક અને એક્રેલિક જેવું લાગે છે.'

માધ્યમો પરિણામો ભેગાં કરી રહ્યાં છે. જોકે આરોગ્ય નિષ્ણાતો વર્ષોથી જાણે જ છે કે જંક ફૂડ અને ફાસ્ટ ફૂડ શ્રેણીની વાનગીઓ બગડતી નથી. લેન ફોલીનું 'બાયોનિક બર્ગર' જે ૧૯૮૯માં ખરીદેલું તે બે દશકા થયા તો પણ બગડ્યું નથી. ખરીદનારાએ એના ઘરના ભંડકિયામાં ન બગડેલા બર્ગરોનું મ્યુઝિયમ બનાવ્યું છે.

'બેબી બાઈટ્સ-ટ્રાન્સફોર્મિંગ એ પીકી ઈટર્સ ઈન ટૂ અ હેલ્ધી ઈટર'ના લેખિકા જોન બ્રુસો પોતે એક વર્ષ પહેલાં ખરીદેલાં મેકડોનાલ્ડ હેપી મિલના આયુષ્ય વિશે કહે છે, 'મારું હેપી મિલ એક વર્ષ જૂનું છે, પણ હજી સારું દેખાય છે. તેમાંથી કદી ખરાબ વાસ આવી નથી. તે બગડ્યું નથી. તેમાં ફૂગ પણ આવી નથી. આજે સવારે મેં તેનો 'બર્થ ડે ફોટો' પાડ્યો છે.'

ન્યુટ્રિશન નિષ્ણાંત કારેન હાન્નાહન પાસે ૧૯૯૬નું ખરીદેલું બર્ગર છે. જૂલિયા હેવે નામની લેખિકા નેટ પર એક પ્રયોગ દેખાડે છે. ૪ વર્ષ જૂની છતાં તાજી દેખાતી મેકડોનાલ્ડની ફ્રેન્ચ ફ્રાઈઝ ને સાથે કુદરતી રીતે સડી ગયેલું બટાટું. આ પ્રકારના અસંખ્ય દાખલા અને ફોટોગ્રાફ નેટ પર ઉપલબ્ધ છે. જે બતાવે છે કે મેકડોનાલ્ડની ફ્રાઈઝ, બર્ગર્સ, મિલ્કશેક, હેમબર્ગર, ચીઝ બર્ગર વગેરે વર્ષો સુધી બગડ્યાં નથી.

સાચું–પ્રાકૃતિક બટાટું ખરેખર 'બગડ્યું' બે સપ્તાહ પછી ગણાય પણ બે-ચાર દિવસ પછી એ ખાવાલાયક રહેતું નથી. ફળ અને શાક એક અઠવાડિયામાં બગડી જાય છે. બ્રેડ બે દિવસ ટકે છે ને દૂધની ચીજો એક દિવસ, ત્યારે ફાસ્ટ ફૂડ આટલું બધું કેવી રીતે ટકે છે ?

ઘણાં કારણ છે. તેમાં પુષ્કળ રસાયણો ભેળવેલાં હોય છે, જેને જીવડાં, ફૂગ કે અન્ય જીવાણું અડતાં નથી. તેમાં સોડિયમ અને પ્રિઝર્વેટિવ સોલ્ટ મોટાં પ્રમાણમાં ભેળવેલાં હોય છે. મોટા ભાગના ફાસ્ટ ફૂડ બર્ગરમાં ૨૦% જેટલું 'પીંક સ્લજ' હોય છે. અમોનિયા બેક્ટેરિયાનાશક હોવાથી ટોયલેટ ક્લિનર તરીકે વપરાય છે. બીજું કારણ ફ્રેન્ચ ફ્રાઈઝ બે વાર તળાયેલી હોય છે. બટાટા સ્ટાર્ચવાળા હોવાને કારણે તે જલદી ભેજ ગુમાવે છે અને બધું તેલ શોષી લે છે. ભેજ ન હોય તો ફૂગ પણ ન થાય. હાઈડ્રોજનેટેડ ટ્રાન્સ ફેટ ખોરાકને ખૂબ લાંબો સમય ટકાવે છે. ઘણી ફાસ્ટ ફૂડ કંપની તેમની વાનગીઓને અમુક પ્રકારના કિરણો નીચેથી પસાર કરે છે-રેડિયેશન થેરપી. રેડિયેશનથી ખોરાકની સંઘટના બદલાય છે, તેમાં કોઈ જીવાણુનું જીવન જન્મી કે ટકી શકતું નથી અને એટલે એ સડતું નથી.

મેકડોનાલ્ડની વાનગીઓને કોઈ જીવાણું કે બેક્ટેરિયા કે ફૂગ અડતાં નથી, તેનું સાચું કારણ એક જ છે–મેકડોનાલ્ડની વાનગીઓ 'ખોરાક' છે જ નહીં. તે એક રાસાયણિક સંયોજન માત્ર છે, જે દેખાવે, સુગંધે ને સ્વાદે ખોરાક છે પણ તેનું કોઈ પૌષ્ટિક મૂલ્ય નથી. મેકડોનાલ્ડ બર્ગર બનાવવું હોય તો પ્રયોગશાળા જોઈએ, રસોડું નહીં.

મેકડોનાલ્ડ બનમાં ૨૦ વર્ષ પછી પણ જીવાણુઓ થતાં નથી તેનું કારણ તેમાંના રસાયણો છે, પ્રિઝર્વેટિવ્ઝ છે, જેનું લિસ્ટ તમને મેકડોનાલ્ડની વેબસાઈટ પર જોવા મળશેઃ નિયાસિન, રિડ્યૂસ્ડ આયર્ન, થિયામિન મોનોનાઈટ્રેટ, હાઈડ્રોજનેટેડ સોયાબીન ઓઈલ, કેલ્શીયમ સલ્ફેટ, કેલ્શીયમ કાર્બોનેટ, અમોનિયમ સલ્ફેટ, અમોનિયમ ક્લોરાઈડ, સોડિયમ સ્ટિરોઈલ લેક્ટિલેટ, ડેટમ, એસ્કોર્બિક એસિડ, એઝોડાઈકાર્બોનામાઈડ, ડાઈજીસેરાઈડ્ઝ, એથોક્ઝિલેટેડ મોનોગ્લિસિરાઈઝ, મોનોકેલ્શિયમ ફોસ્ફેટ, કેલ્શિયમ પેરોક્સાઈડ,

## શુભ વિવાહ

સંવત ૨૦૬૮

| તિથિ | વાર | તારીખ | વડીલ | પુત્ર/પુત્રી | મહોલ્લો |
|---|---|---|---|---|---|
| પોષ વદ-૯ | મંગળવાર, | તા. ૧૭–૦૧–૨૦૧૨ | શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહ | ચિ. જીમીત | (કુંભારીયા પાડો) |
| | | | શ્રી પ્રદીપભાઈ ભીમશીભાઈ શાહ | ચિ. લજ્જા | (ખારોઈ) |
| પોષ વદ-૨ | ગુરુવાર, | તા. ૧૯–૦૧–૨૦૧૨ | શ્રી વસંતલાલ ઈશ્વરલાલ વિરવાડીયા | ચિ. અર્પણ | (વાળ) |
| | | | શ્રી યશવંતભાઈ મહાસુખલાલ શાહ | ચિ. ખુશ્બૂ | (કનાસાનો પાડો) |
| મહા સુદ-૭ | સોમાર, | તા. ૩૦–૦૧–૨૦૧૨ | શ્રી અનુપભાઈ જસાણી | ચિ. ચીન્મય | (—) |
| | | | શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ | ચિ. દર્શિની | (મલ્લાતનો પાડો) |
| મહા સુદ-૧૦ | ગુરુવાર, | તા. ૦૨–૦૨–૨૦૧૨ | શ્રી દિલીપભાઈ કાંતીલાલ શાહ | ચિ. જેસલ | (શાંતિનાથની પોળ) |
| | | | શ્રી દિલીપભાઈ સુમતીલાલ મહેતા | ચિ. મોનીકા | (શંખેશ્વર) |
| મહા વદ-૩ | શુક્રવાર, | તા. ૧૦–૦૨–૨૦૧૨ | શ્રી રશેષકુમાર વિપીનચંદ્ર સાલવી | ચિ. વૈભવ | (—) |
| | | | શ્રી વિજયકુમાર મોહનલાલ સાલવી | ચિ. રૂચિ | (ખેતરવસી) |

બીજમાંથી વૃક્ષ મહોરે અને દીવામાંથી દીવો બળે

કેલ્શિયમ પ્રોપીઓનેટ, સોડિયમ પ્રોપીઓનેટ.

૨૦૦૩ પહેલાં મેકનગેટ્સમાં હજી વધારે રસાયણો વપરાતાં તેની જાણ થતાં એક ન્યાયમૂર્તિને એવો આઘાત લાગ્યો હતો કે તેમણે એ વાનગીને 'મેક ફ્રેન્કેસ્ટાઈન ક્રિએશન, જેમાં ઘરમાં રાંધવામાં કદી ન વપરાયાં રસાયણો છે' તેવા શબ્દોમાં વર્ણવી હતી અને તેમાંનાં ઘણાં રસાયણો વાપરવાની મનાઈ ફરમાવી હતી. જોકે, ટીબીએચક્યૂ અને ડિમિથાઈલપોલિસિલોક્ઝેન જી તેમાં વપરાય છે.

ઘરમાં બનતી ફ્રાઈઝ (બટાટાની કાતરી)માં બે જ ચીજ જોઈએ– બટાટા અને તળવાનું તેલ પણ મેકડોનાલ્ડની ફ્રાઈઝમાં ?–બટાટા, કેનોલા ઓઈલ, હાઈડ્રોજનેટેડ સોયાબીન ઓઈલ, નેચરલ બીફ ફ્લેવર, સાઈટ્રિક એસિડ, પ્રિઝર્વેટિવ, મીઠું, સોડિયમ એસિડ પાઈરોફોસ્ફેટ અને ડિમિથાઈલપોલિસિલોક્ઝેન.

મેકડોનાલ્ડનાં ચીઝ, રેફ્રિજરેટર વગર રહે છે ને કદી બગડતાં નથી. અથાણાંની એક ચીર પણ સોડિયમ બેન્ઝોઈટ નામનું સંરક્ષક રસાયણ વિનાની હોતી નથી.

પોષણ અને સુગંધના ચટાપટાવાળા પ્રોસેસ્ડ ફૂડમાં સ્વાદ અને સુગંધ ઉમેરવા માટે પણ રસાયણોનો ઉપયોગ થાય છે. ઉપરાંત તેમાં બંધાણ થઈ જાય તેવું રસાયણ પણ ઉમેરેલું હોય છે, જેથી ખાનાર વારંવાર એ જ ચીજ ખાવા પ્રેરાય. મોનોસોડિયમ ગ્લુટામેટ (એમએસજી) બંધાણ કરાવવા ઉપરાંત વજન વધારવામાં અને માઈગ્રેન (માથાનો દુઃખાવો)થી માંડી ડિપ્રેશન–હતાશા અને એગ્રેશન–આક્રમકતા જેવી તંદુરસ્તીને લગતી સમસ્યાઓ ઉત્પન્ન કરવામાં નિમિત્ત છે.

## 8 March – Woman's Day

The Best Lines ever said by a man :

**'નારી તું મહાન'**

When I was born, a woman was there to hold me -- My Mother

As I grew up as a child, a woman was there to take care & play with me – My Sister

I became depressed, when I lost, a woman was there to offer a shoulder – My Girl Friend

I needed the compatibility, company & love,a woman was there for me-- My Wife

I became a tough, a woman was there to melt me – My Daughter

When I will die, a woman will be there to absorb me in – My Motherland

If you are a man, value every woman,

If you are a woman feel feel proud ro be one...

આ સુંદર ગ્રહ પર માણસ એક જ એવું મૂર્ખ પ્રાણી છે જે વર્ણસંકર, રસાયણયુક્ત, મૂળતત્ત્વો સાથે ચેડાં કરાયેલું, હોર્મોન અને જંતુનાશકોથી લદાયેલું, જથ્થાબંધ ઉત્પન્ન કરાતું વાસી હેમ્બર્ગર ખાય છે, જેને કૂતરાની વિષ્ટા પર નભતી ફૂગ સુદ્ધાં અડતી નથી! પછી તેના શરીરમાં ડાયાબિટીસ, કેન્સર, હૃદયરોગ, મેદસ્વીતા, ડેમેન્સીયા (ચિત્તભ્રમ), ઓટિઝમ (બાળકોમાં જોવા મળતી મનોવિકૃતિ) જેવી આફતોનો મેળો જામે તે વાતમાં નવાઈ શી? જો હજી પણ મેકડોનાલ્ડ, બર્ગરકિંગ, પિઝા હટ અને કેએફસીની ફાસ્ટ ફૂડ શ્રેણી તમારી તબિયત સાથે કેવા જોખમી ચેડાં કરે છે તેમાં તમને શંકા હોય તો 'સુપર સાઈઝ મી' ચિત્રનું દસ્તાવેજી ચિત્ર જોવા ભલામણ કરું છું. જોકે, ચિત્રની સારી બાજુ પણ છે–જો અણુયુદ્ધ થાય તો શું શું ન સંઘરવું તેની કમ સે કમ આપણને ખબર પડશે અને ફિલ્મસ્ટારો પણ વિચારે–વધતી ઉંમરની અસરને રોકવા મેકડોનાલ્ડ ફૂડનું પ્રવાહી ચહેરામાં ઈન્જેક્શનથી દાખલ કરવા જેવું ખરું!

જો તમારે ખરો–સાચો ખોરાક ખાવો હોય તો આવા ન બગડતા તમામ ખોરાકથી દૂર રહેજો. જો પ્રાકૃતિક વિઘટન જ નહીં થાય તો ખોરાક હોજરીમાં પચશે શી રીતે? પચવું એટલે તેમાં ફેરફાર થવા. જો ફેરફારો જ નહીં થાય તો પોષકતત્ત્વો જુદાં કેવી રીતે પડશે અને શરીરને ઉપયોગમાં કેવી આવશે?

એટલે મેકડોનાલ્ડ કે કોઈ પણ ફાસ્ટ ફૂડ શ્રેણીનાં બર્ગર ન ખાવ. તે કરતાં તેનું ખોખું ખાઈ જશો તો તે કદાચ તંદુરસ્તી માટે વધુ લાભદાયક નીવડશે–કમ સે કમ તેનું વિઘટન બર્ગર કરતાં તો વધુ ઝડપથી થશે!

(સૌજન્ય સર્વોદય પ્રેસ સર્વિસ)

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

**પાંજરાપોળની વિવિધ સહાય યોજના**

| | | | |
|---|---|---|---|
| પશુ માટે શેડ | રૂા. ૧,૦૦,૦૦૦ | પશુઓને એક દિવસ લાપસી અને ઘાસચારો | રૂા. ૨૧,૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧,૦૦૦ | પશુઓને એક દિવસ ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ |
| પશુઓને લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧,૦૦૦ | પશુઓને માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| આધાર સ્તંભ | રૂા. ૨૧,૦૦૦ | કાયમી ઘાસની તિથિ | રૂા. ૫,૦૦૦ |
| | | પક્ષીઓને કાયમી ચણતિથિ | રૂા. ૨,૦૦૦ |

**લાભાર્થીઓના નામ આરસની તક્તી પર લખાશે.**

**લાભાર્થીઓના નામ તિથિને દિવસે બોર્ડ પર લખાશે.**

અભયદાન થકી પરભવમાં સૌભાગ્ય આરોગ્ય, દિર્ઘાયુ અને ઐશ્વર્ય સંપદા મેળવી શકાય છે.

ગુજરાત સરકારે જાહેરકરેલ ગુજરાત રાજ્યની સર્વશ્રેષ્ઠ પાંજરાપોળ ● આયકર કાયદા ૮૦જી અન્વયે સંસ્થાને આપેલ દાન મજરે મળે

સૌજન્ય : મે. સી. વાડીલાલ ઍન્ડ કું., મુંબઈ.

advt

**પરમાર્થે હેત ઠાલવો હૈયું આપોઆપ ઠરશે.**

## સંસ્થા સમાચાર

શ્રી કનાસાના પાડાનો પંચાહ્નિકા મહોત્સવ તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ ખૂબ ખૂબ આનંદોલ્લાસ સાથે ધામધૂમથી ઉજવાયો હતો. અંદાજીત ૭૫૦ પરિવાર સભ્યોની હાજરી હતી.

મહોલ્લાના બે જિનાલયો, મોટા શાંતિનાથ અને નાના શાંતિનાથ જિનાલય ખાતે વિવિધ અનુષ્ઠાનો, પૂજનો, મહાપૂજન, ભવ્યાતિભવ્ય અંગરચનાઓ, રથયાત્રાઓ વિગેરે વિગેરે કરવામાં આવ્યા હતા. સાથે સાથે મહોલ્લાનાં દરેકે દરેક ઘરને સજાવવામાં આવ્યા હતા. તેઓને ઈનામો-પુરસ્કાર આપીને તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્તવન હરીફાઈ, ગહૂંલી સ્પર્ધા, બાળકો માટે ખાસ વિશેષ પ્રકારે અષ્ટપ્રકારી પૂજાની સ્પર્ધા તેમ જ અન્ય વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

ભાગ લેનાર દરેક નાના-મોટા પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. એ ઉપરાંત દરેક દરેક સ્પર્ધકને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા.

આ મહોત્સવના શુભ અવસરે મહોલ્લામાં 'શાંતિધામ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ પરિવાર તરફથી 'શાંતિધામ'ની યોજના સાકાર થઈ હતી.

શ્રી કીર્તિલાલ પ્રેમચંદ શાહ પરિવાર તરફથી શ્રીમતી શારદાબહેનની સ્મૃતિમાં 'શારદા ક્લિનીક'નું ઉદ્‌ઘાટન ખૂબ જ શાનદાર રીતે થયું હતું. જેનો ઘણો ઉત્તમ પ્રકારનો માત્ર દસ રૂ.માં દવા આપવામાં આવે છે. ખૂબ જ સુંદર યોજના સાકાર થયેલ છે. પાટણમાં વસતી પ્રજાને મળી રહેશે.

મહોલ્લાના જ મુંબઈ ખાતે રહેતા ડૉ. સુધીરભાઈ નેમચંદ શાહનાં સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી E.N.T. નિષ્ણાત ડૉ. બિમલ એન. શાહ દ્વારા કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેનો લાભ મોટી સંખ્યામાં સૌએ લીધો હતો.

આ મહોત્સવને સફળ બનાવવા માટે અથાગ પરિશ્રમ કરનાર મહોલ્લાનાં દરેક કાર્યકર ભાઈ-બહેનોએ હૃદયના સંપૂર્ણ ભાવ સાથે પોતાની સેવા આપી હતી તે સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

### પાટણનું ગૌરવ-અભિનંદન

પાટણ સિદ્ધચક્રની પોળ, ખેતરવસીના શ્રી યશ ચિરાગક શાહ (પૌત્ર દિનેશ શાંતિલાલ શાહ) ઉંમર વરસ ૧૪, ઓલ ઈન્ડિયા બાલ્કનજી બારી યોજીત ઈન્ટર સ્કૂલ ટેબલ ટેનીસ સ્પર્ધામાં (૧૬ વરસની નીચેના) પ્રથમ ક્રમાંકે આવી ગોલ્ડ મેડલ, કપ તેમ જ મેરીટ સર્ટીફીકેટ મેળવેલ છે. આ ટુર્નામેન્ટ તા. ૨-૨-૨૦૧૨થી ૫-૨-૨૦૧૨ દરમિયાન મુંબઈમાં યોજેલ હતી અને યશ કેમ્પીઅન સ્કૂલ તરફથી રમતો હતો. સંસ્થા હાર્દિક અભિનંદન પાઠવે છે.

### પદ-પ્રદાન પર્વ

શાશ્વતા શ્રી સિદ્ધગિરીરાજની તારક છત્રછાયામાં શાસન શિરતાજ 'સૂરિ રામચન્દ્ર'ના શિષ્ય.

પાટણ મહાલક્ષ્મી માતાના પાડાના સ્વ. શ્રી પ્રવિણચંદ્ર કેશવલાલ શાહના સુપુત્રો (બંધુ બેલડી)માં ના પૂ. મુનિપ્રવર શ્રી હિતરત્ન મહારાજ સાહેબને પંચમાંગ શ્રી ભગવતી સૂત્રની અનુજ્ઞા સ્વરૂપ મહાસુદ છઠ્ઠના ૨૯-૦૧-૨૦૧૨ના શુભ દિવસે **ગણિપદ** પ્રદાન કરવામાં આવ્યું હતું.

તેમની અનુમોદના રૂપે માતુશ્રી મધુબેન પ્રવિણચંદ્ર શાહ પરિવારે ત્રિદિવસીય દેવ-ગુરુ-શ્રુતભક્તિ મહોત્સવ રાખેલ હતો. તેમનું નૂતન નામ ગણિશ્રી હિતરત્ન વિજય મ.સા. રાખવામાં આવ્યું હતું.

### સમય નથી

*અનેકવિધ પ્રવૃત્તિ મંડળની છે. રસ લેવાનો સમય નથી,*
*વસતી પત્રકમાં નામ છે અનેક મિત્રતા માટે સમય નથી;*
*અવિરત ચાલે જિંદગી છતાં મંડળ માટે કોઈ સમય નથી,*
*વટ, વ્યવહાર, સંબંધો ઉજળા છે સમાજ માટે સમય નથી!*
*સગવડ સૌને જોઈએ મંડળના વિકાસ માટે સમય નથી,*
*અપેક્ષાઓથી છે હૈયા ભરેલા ફરજ સમજવા સમય નથી;*
*ઊંચા ઈન્ડેક્ષે શેર વેચીને નફો બાંધવાનો પણ સમય નથી,*
*સમિકરણો બદલાતા વિચારોને વેગ આપવા સમય નથી.*
*લક્ષ્મીપતિબન્યા પછી પણ દાન આપવા માટેનો સમય નથી,*
*સપના સાકાર કરવા છે અને ધન સંચયનો સમય નથી;*
*મતભેદ છે મનભેદ કોઈ નથી સમજવાનો સમય નથી,*
*આત્માના અવાજને ઓળખોને કહેવું બંધ કરો સમય નથી!*

☐ **વર્ધમાન ન. શાહ**


**દાદર કબુતરખાના**

શાંતિનાથ દેરાસરની સામે, ભવાનીશંકર રોડ, દાદર (વેસ્ટ)
ચણની એક ગુણીના રૂ. ૬૦૦/-
બાર મહિના દરેક મહિનાની ગુણીના રૂા. ૧૨૦૦
કાયમી તિથિના રૂા. ૫૧,૦૦૦/-
**રે પંખીડા...સુખથી ચણજો, ગીતડા કાંઈ ગાજો...**
**જીવદયા-અનુકંપાનો અમૂલ્ય લાભ લેશો.**
**સંપર્ક : વર્ધમાનભાઈ :** ૯૮૨૧૩૪૪૩૩૮ / ૨૪૩૦૮૭૫૫.
ADVT

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :** ESTD : 1998
**૧૫મા વર્ષમાં પદાર્પણ...પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**
**અલ્પા મેરેજ બ્યુરો**
આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા
સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રીમતી અલ્પા શાહ : 8080547424 - 9823218746**
સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah@yahoo.co.in
**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** Advt

**લગ્નસંબંધી**

**નામ : જીગર જયંતભાઈ શાહ**
માતા-પિતા : નીતા જયંતભાઈ સેવંતીલાલ શાહ
જન્મ તારીખ : ૧૭-૧૧-૮૫. સમય ૧૦-૨૭ A.M. હાઈટ-૫'-૮''
અભ્યાસ-M.B.A. Occupation – Job
Contact : 26824267. ખેતરવસી.
ADVT

**MATRIMONIAL**
**GUJRATI JAIN BOY**
Dec.1983 born, smart, fair, 5' 6"
Education : Engineer, MBA (Fin.) International CFA;
Investment Banker since 2 1/2 years;
Lives in Walkeshwar (South Mumbai)
Looking for an educated, cultured, family loving girl
Email: shahji6291@gmail.com Phone : 022 23678202
ADVT

## શ્રદ્ધાંજલી

કપુર મહેતાના પાડાના **શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ**ના તા. ૭-૨-૨૦૧૨ના ૯૧ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ અવસાનના સમાચાર જાણી મંડળ દુઃખ અને શોકની લાગણી અનુભવે છે.

સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના મુરબ્બીઓ માટે જાન્યુઆરી ૨૦૦૬માં તેમની પ્રેરણાથી **શ્રી નાગેશ્વર તીર્થયાત્રા**નું ભવ્ય આયોજન કરવામાં આવેલ જેના દ્વારા સદ્ગતશ્રીએ પુણ્યનુબંધી પુણ્યનું ઉપાર્જન કરી અનેક ઘાતી કર્મોની નિર્જરા કરેલ હતી. આ ઉપરાંત મંડળના શિક્ષણ સહાય નિધી, સમાજ વિકાસ ફંડ તથા મંડળની અન્ય સહાયક પ્રવૃત્તિઓમાં તેમની પ્રેરણાથી સખાવતો પ્રાપ્ત થયેલ છે.

સદ્ગત કુસુમબેનની પ્રેરણાથી પાટણ ખાતેની પાંજરાપોળમાં પણ ઉદાર રકમની સખાવત આપી અબોલ-મુંગા જીવોની રક્ષાનું અનુમોદનીય કાર્ય કરવામાં આવેલ છે.

સરળ સ્વભાવના ધર્માનુરાગી એવા શુભચિંતક તથા દાતાના દુઃખદ નિધનની નોંધ લઈ, સદ્ગતશ્રીને શ્રદ્ધાંજલિ અર્પતાં તેમના પરિવાર-જનોના દુઃખમાં મંડળના સર્વે હાદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિના સભાસદો સહાનુભૂતિ અને સંવેદનાની લાગણી વ્યક્ત કરે છે.

પરિવારજનો પર આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તે જ પ્રાર્થના. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરઃ શાંતિ અર્પો.

## શ્રદ્ધાંજલી

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)નું તા. ૧૩-૦૨-૨૦૧૨ના ૭૯ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ અવસાનના સમાચાર જાણી, મંડળ દુઃખ અને શોકની લાગણી પ્રદર્શિત કરે છે. સમાજના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના મુરબ્બીઓ માટે જાન્યુઆરી માસમાં **શાહપુર-ધર્મચક્ર યાત્રા-પ્રવાસ**નું ભવ્ય આયોજન કરી ભવોભવ માટેનું પુણ્યનુબંધી પૂણ્યનું ઉપાર્જન કરેલ છે. આ ઉપરાંત પણ મંડળના સમાજ વિકાસ ફંડ, રીવોલ્વીંગ ફંડ તથા અન્ય નાનાંમોટાં આયોજન તેમનાં દ્વારા ઉદાર હાથે સખાવત સમર્પિત કરી ધન્યતા અનુભવેલ.

ધર્મ પ્રત્યે અનન્ય સદ્ભાવ ધરાવનાર સદ્ગત માતુશ્રી ભગવતીબેન જીવનભર સેવા, પૂજા, ભક્તિભાવ, ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા કર્મનિર્જરા કરી જીવદયા તથા સાધર્મિક ભક્તિના કાર્યોમાં અગ્રેસર રહ્યા હતા.

મંડળ પ્રત્યે સદ્ભાવ ધરાવતા, સરળ સ્વભાવના સંસ્થા અને સમાજના હિતચિંતક-શુભેચ્છકના દુઃખદ નિધનની નોંધ લઈ, સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પતા, તેમના પરિવારજનોના દુઃખમાં મંડળના સર્વે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિના સભાસદો સહાનુભૂતિ અને સંવેદનાની લાગણી વ્યક્ત કરે છે. પરિવાર પર આવી પડેલ દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તે જ પ્રાર્થના.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરઃ શાંતિ અર્પો.

## શ્રદ્ધાંજલી

શ્રી ચંદ્રકાંતભાઈ જયંતીલાલ શાહ, (શ્રી સી. જે. શાહ) (મારફતીયા મહેતાનો પાડો)નું તા. ૧૪-૦૨-૨૦૧૨ના રોજ ૬૮ વર્ષની વયે થયેલ આકસ્મિક અને આઘાતજનક નિધનના સમાચાર જાણી મંડળ દુઃખ અને શોકની લાગણી અનુભવે છે.

'મુન ગ્રુપ'ના સર્વેસર્વા શ્રી ચંદ્રકાંતભાઈ મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ હતા, **શ્રી વાલકેશ્વર પાટણ જૈન મિત્ર મંડળ**ના ચેરમેન રહી અનન્ય સેવા કરી હતી. વિવિધ સંસ્થાઓમાં જોડાઈને તન-મન-ધનથી સક્રિયપણે કાર્યરત રહ્યા હતા. હાલમાં તેઓ સંપ્રતિ મહારાજાના કુંભલગઢ તીર્થના જીર્ણોદ્ધારની યોજનામાં સક્રિય રસ લઈ રહ્યા હતા.

શ્રી ચંદ્રકાંતભાઈના નિધનથી તેમના પરિવારજનો પર આવી પડેલ દુઃખમાં મંડળ સહભાગી થઈ સહાનુભુતિ અને સંવેદનાની લાગણી વ્યક્ત કરે છે.

વિકલાંગ વ્યક્તિઓ, પત્રકારો, કલાકારો, સંસ્થાઓ વિગેરે માટે તેઓ ઉત્કૃષ્ટ કાર્ય કરી રહ્યા હતા અને વ્યકિતગત કાર્યની કદર કરી એવૉર્ડ પણ પ્રદાન કર્યા હતા.

સદ્ગતશ્રીના નિધનથી સંસ્થાને એક શુભેચ્છક તથા કાર્યકરની ખોટ રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતશ્રીના આત્માને ચિરઃ શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતમા આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | ખેમી બેન દેવચંદ સાંડેસરા* | — | પાટણ | ૦૨-૧૨-૧૧ | માગસર સુદ-૦૮ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ* | ૭૨ | મુંબઈ | ૧૯-૦૧-૧૨ | પોષ વદ-૧૧ |
| સાલવી | સાલવી વાડો | મંજુલાબેન જયંતીલાલ સાલવી | ૭૬ | પાટણ | ૦૬-૦૧-૧૨ | પોષ સુદ-૧૨ |
| વિશાશ્રીમાળી | ઝવેરી વાડો | સરલાબેન અમૃતલાલ શાહ | ૮૯ | સુરત | ૦૬-૦૧-૧૨ | પોષ સુદ-૧૨ |
| દશાઓસવાળ | ઢંક મહેતાનો પાડો | વસંતબેન રસિકલાલ શાહ | ૮૩ | મુંબઈ | ૦૩-૦૨-૧૨ | મહા સુદ-૧૧ |
| દશાપોરવાડ | કપૂર મહેતાનો પાડો | કુસુમબેન અમૃતલાલ શાહ | ૯૧ | મુંબઈ | ૦૭-૦૨-૧૨ | પોષ સુદ-૧૫ |
| વિશાશ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | ચંદ્રકાંતભાઈ જયંતીભાઈ શાહ | ૬૮ | મુંબઈ | ૧૪-૦૨-૧૨ | મહા વદ-૦૭ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા | ૭૯ | પાટણ | ૧૩-૦૨-૧૨ | મહા વદ-૦૬ |

● *ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો

# સાભાર સ્વીકાર

**મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક આર્થિક ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર**

**શ્રીમતી નિર્મળાબેન રવીન્દ્રભાઈ શાહ ડાયગ્નોસીસ કીડની ટ્રીટમેન્ટ ફંડ**

૩૦૦૦૦૦ શ્રી રવીન્દ્ર ચેરિટેબલ ટ્રસ્ટ (ખજૂરીનો પાડો)

**શ્રી સમાજ વિકાસ કોરપસ ફંડ**

૨૦૦૦૦૦ શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (ફોફલીયાવાડો) મનમોહનજીની શેરી

**શ્રી મેડિકલ સહાય કોરપસ ફંડ / શ્રી શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**
**શ્રી સિનિયર સિટીઝન સહાય કોરપસ ફંડ / શ્રી શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ**

૧૦૧૦૦૦ શ્રી દીપકભાઈ કીર્તિકુમાર શાહ (કુંભારીયા પાડો)

**શ્રી મેડીકલ સહાય કોરપસ ફંડ**

૨૫૦૦૦ શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ (ખેતરવસી) લગ્નજીવનના ૨૫ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં

૨૫૦૦૦ શ્રી અશોકભાઈ કંચનલાલ શાહ (કોકાનો પાડો)

**શ્રી સમાજ વિકાસ ભેટ**

૧૫૦૦૦ ધુપેલીયા પરિવાર (કનાસાનો પાડો) હસ્તે : શ્રી ભાવેશકુમાર ધુપેલીયા

**શ્રી વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૨૦૦૦ શ્રી તરુણભાઈ કેશરીચંદ શાહ (મારફતીયા મહેતાનો પાડો) કુ. કવીશાના જન્મદિવસ નિમિત્તે

૧૦૦૦૦ શ્રી રાજેશભાઈ પ્રવીણભાઈ મશરૂવાલા (કુંભારીયા પાડો) શ્રી રાજેશભાઈ પ્રવીણભાઈ મશરૂવાલાની સગાઈ નિમિત્તે

૧૦૦૦ શ્રી ભગવાનદાસ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)

૫૦૦૧ એક બહેન તરફથી

૧૦૦૧ શ્રી પ્રફુલભાઈ મણિલાલ શાહ (મણીયાતી પાડો)

૧૦૦૧ શ્રી શ્રેયસભાઈ ભગુભાઈ શાહ તથા શ્રી સૌરભભાઈ ભગુભાઈ શાહ (કનાસાનો પાડો) શ્રી ભગુભાઈ હીરાલાલ શાહની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે

૧૦૦૧ શ્રી શ્રેયસભાઈ ભગુભાઈ શાહ (કનાસાનો પાડો) શ્રીમતી પૂર્વીબેન શ્રેયસભાઈ શાહ USAમાં ઉપધાન તપ નિમિત્તે

**શ્રી શિક્ષણ સહાય / દવા સહાય ભેટ**

૧૦૦૦૦ શ્રી શૈલેષભાઈ રમણલાલ પાનાચંદ શાહ (કુંભારીયા પાડો) ચિ. જીમીતના લગ્ન ચિ. લજ્જા પ્રદીપભાઈ ખીમશી શાહ (ગામ ખરોઈ) સાથે તા. ૧૭-૦૧-૨૦૧૨ના થયા તેની ખુશાલીમાં

૩૦૦૦ શ્રી પ્રવીણભાઈ વ્રજલાલ શાહ (મંત્રી) (કનાસાનો પાડો) ચિ. શશિ વીરેશભાઈ શાહ GEC Advance Subsidiary & A Levelમાં ૮૭% પ્રાપ્ત કરી પાસ થયા તેની ખુશાલીમાં

**શ્રી શિક્ષણ સહાય ભેટ**

૧૦૦૧ જાગૃતિબેન પ્રકાશભાઈ શાહ (મણીયાતી પાડો) હસ્તે : શ્રી નિખીલભાઈ પ્રકાશભાઈ શાહ (પૂના) ચિ. સૌરભ પ્રકાશભાઈ શાહે UKની લેંકેસ્ટર યુનિવર્સિટીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશન મેળવ્યું તેની ખુશીલીમાં

**શ્રી લગ્ન પ્રસંગે ભેટ**

૫૦૦ શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (વખતજીની શેરી) ચિ. ધિરેનના લગ્નની ખુશાલીમાં

**શ્રી હેલ્થકેર સાધન ભેટ**

૩૧૦૦ શ્રીમતી નર્મદાબેન અમૃતલાલ કોટક

૧૦૦૦ શ્રી મલયભાઈ લક્ષ્મીચંદ શાહ

૧૦૦૦ શ્રીમતી ધન્વીબેનભાઈ અમીતભાઈ શાહ

૧૦૦૦ શ્રીમતી શારદાબેન બી. વોરા


## શ્રી પાટણ જૈન મંડળ

**પ્રોગ્રામ સમિતિ આયોજિત**

## શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા

**પ્રેરિત**

## પચીસમો સમૂહ લગ્ન સમારોહ

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે પચીસમા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક** : સંવત-૨૦૬૮, ફાગણ વદ-૧૧
રવિવાર તા. ૧૮-૩-૨૦૧૨. **સમય** : સાંજના
સ્થળ : આઈ.બી. પટેલ સ્કૂલ પટાંગણ, ગોરેગામ (વેસ્ટ)

**વધુ માહિતી માટે સંપર્ક :**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય**

**૨૨૮૧૧૩૪૬**

**નોંધ** : સમૂહલગ્નમાં છ યુગલોના નામ નોંધાયેલ છે.

Extending helping hand in the education, selfreliance & medical requirements of the needy members of the society with the co-operation of sincere, elite, affluent & compassionate donors of the community

## SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### A NOVEL & UNIQUE CONSTRUCTIVE APPROACH

### MUKHYA DATA

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah,
  By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah,
  By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai,
  Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri
  By : Shri Hitenbhai Pravinchandra Shah
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Mafatlal Chudghar Cheritable Trust, Chodhrini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado
  By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Shri Sevantilal Kantilal Trust, Kumbhariya Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah,
  By: Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Hansaben Manharbhai Keshavlal Shah,
  By : Shri Shrenikbhai Manharlal Shah, Lakhiyarvado
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Subhdraben Ramanlal Shah, Cheritable Trust, Kumbhariya Pado
- Smt. Bhagvatiben Vinodchandra Matliwala, By: Shri Daneshbhai, Kanasano Pado
- Shri Deepakbhai Champaklal Jesinglal Jhaveri (Manmohanjini Sheri)By: Aashish

### ADHARSTHAMBH DATA

- Smt. Subhdraben Bhogilal Zaveri (Saheba), Chodhrini Sheri
- Smt. Kusumben Amrutlal Shah, Kapoor Mahetano Pado
- Shri Hitenbhai Champaklal Shah (Vimawala), Khetarvasi
- Shri Pravinchandra Vrujlal Shah (Mantri)
  By: Shri Viresh Pravinchandra Shah, Kanasano Pado
- Shri Ashokbhai Popatlal Shah, By: Shri Chiragbhai, Kanasano Pado
- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Late Shrimati Jinbalaben Hasmukhlal Shah
  By: Shrimati Kanakben Ketanbhai Shah, Dhandhervado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gundarwala), Vasupujyani Sheri
- Smt. Sarlaben Vijaybhai Hiralal Shah, Kasumbiyavado
- Shri Keshrichand Jeshinglal Shah, Dhandhervado
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah,
  By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)

## LAND AND BUILDING FUND

Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores

## *REVOLVING FUND : Target Rs. 5 Crores*

To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |

For studies in India, Shree Patan Jain Mandal shall provide interest free Educational loan up to Rs. 2 lakhs to deserving PATANI students for their higher studies and high cost specialised courses.

## MEMORIAL FUND

MOST WELCOME & WORTH FOLLOWING DONATION MADE THROUGH THE WILL

| Name of the donor | Amount of donation |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will – it can be utilised for special activites of the **MANDAL**

### SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Pradipbhai Laxmichand Zaveri, Kobe-Japan
- Shri Kanchanlal Vadilal Shah, Manmohanjini Sheri
- Shri Navinchandra Chimanlal Maniyar, Chodhrini Sheri
- Shri Rameshbhai Sanalal Shah, Mallatno Pado
- Late Smt. Nirmlaben Chandrakant Shah, Polni Sheri
- Shri Vardhmanbhai Nagindas Shah, Kesushethno Pado
- Late Dr. Jayantilal Manilal Patni, Manmohanjini Sheri
- Shri Bhagwandas Poonamchand Shah,
  By: Manishbhai Bhagwandas Shah (Madras), Kanasano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Shri Jitendrabhai Manilal Shah, Bhabhano Pado
- Late Shri Pratapchand Bhaichand Salvi, Salviwado
- Smt. Virmatiben Pratapchand Salvi, Salviwado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Anilbhai Mahasukhlal Shah, Kokano Pado

### SHUBHECHHAK DATA

- Shri Krishitbhai Bhaveshbhai Devendrabhai Shah,
  By : Shri Devendrabhai Bhogilal Shah, (Jafujiwala), Tamboli Vado

Edited,Printed & Published by Bhartiben Bhagubhai Shah on behalf of Shri Patan Jain Mandal and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.